'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
પ્રત્યેક જીવનાં જીવનાન્તે થતાં મંગલ મૃત્યુની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મંગલ મૃત્યુનો ઉપકાર

॥ ૯ ॥





પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ

મૃત્યુ ભલે આવો - એ મિત્ર બનીને જ આવશે.
આપણે પ્રેમભર્યા ઉમળકાથી તેનું સ્વાગત કરીશું.
ઉત્તમ પુરુષો મૃત્યુને મિત્ર માને છે પણ શત્રુ નહીં.
'મૃત્યુ અતિથિવિશેષ છે' માનીને તેનું સ્વાગત કરે છે,
તિરસ્કાર નહીં. મૃત્યુ આપણને માન આપવા આવે છે,
અપમાન કરવા નહીં. આથી ચઢીયાતા સ્થાને જનારને જતી
વખતે અભિનંદન આપવા મૃત્યુ સદા તૈયાર રહે છે.
સદાચારસંપન્ન સત્પુરુષો મૃત્યુ રૂપી એ મિત્રને ઝંખે
છે કે જે મિત્ર તેને વર્તમાન સ્થિતિમાંથી
સારી સ્થિતિએ લઈ જવા માટે સદા ઝંખે છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ




શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
પ્રત્યેક જીવનાં જીવનાન્તે થતાં મંગલ મૃત્યુની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મંગલ મૃત્યુનો ઉપકાર

॥ ૯ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

- **PARAM BHADRANKAR MANGAL MRUTYUNO UPKAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding Death - an end to this bodily existence by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 9 / 9**

  Year 2023 • સંવત્ ૨૦૭૯ • 1000 Copies / 120 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
  Mumbai / Vadodara / Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Shri C. K. Mehta
  Vadodra | Mumbai


---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**


  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra




પરમ પૂજ્ય પરમારાધ્યપાદ અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી સદા કહેતાં કે: ''આજનો દિવસ છેલ્લો છે. મુત્યુ એ પ્રકૃતિ-જન્મ એ વિકૃતિ છે, એટલે મૃત્યુથી ન ડરવુ. મૃત્યુ તો છોડાવનારી ચીજ છે. શાશ્વત સત્ય આત્મા છે, જે શરીરરૂપી આવરણથી આવૃત્ત છે. મૃત્યુ પછી બચે છે કેવળ આત્મા અને આ જગત. મૃત્યુ નિશ્ચિત છે, માટે પરલોકપ્રધાન વ્યક્તિ સદ્‌ગતિ માટે ધર્મ કરે. મૃત્યુને ભૂલીને જીવનનું મૂલ્યાંકન કરવું, એ બહુ ભારે અપરાધ છે. મૃત્યુની ઘડી તો મંગળઘડી છે. મૃત્યુ આત્મસ્વરૂપમાં લીન થવાની કળા છે. વર્તમાન જીવન એવી રીતે જીવો કે મૃત્યુ દ્વારા દિવ્ય જીવનના દ્વાર ખૂલી જાય. મૃત્યુ સમયે સગા-સ્નેહીથી છૂટાં પડવાના દુ:ખની બદલે પરમતત્ત્વમાં ભળી જવાનો હર્ષ થવો જોઈએ. અંત સમયે દર્દીને મધુર સ્વરે નવકાર સંભળાવવાથી નિજસ્વરૂપમાં ઉપયોગ રાખી શકે. અંત વખતે હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું, એમ વિચારી અંત સમય સાચવવા જેવો છે.''

આવા ચિંતનોથી ભરપૂર સમાધિપ્રદ ગ્રંથોની શ્રેણી ક્રમબદ્ધ પ્રકટ થઈ રહી છે, તેમાં મુખ્ય આર્થિક સહાય વડોદરા-મુંબઈના ગુરૂભક્તાત્મા સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા** તથા 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ભાગો, નવકારના ૯ ભાગ ઉપરાંત મૈત્રી આદિના આ વિશિષ્ટ ૯ ભાગ પ્રકટ કરીને જૈનશાસનને એક વિશાળ આત્મતત્ત્વચિંતન પૂરૂં પાડનારા રાજકોટના અમારા સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** તથા તેમના જૂથની અંતરથી અનુમોદના.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.



# જીવનનું પ્રથમ, મધ્ય અને અંતિમ સત્ય છે મૃત્યુ જ!

પૂજ્ય ગુરૂમહારાજે કહેલું: ''મૃત્યુ સમયે એને જ ભયંકર કષ્ટ થાય છે, જેને આ દેહ ઉપર મોહ છે! બાળપણથી યુવાની અને યુવાનીમાંથી વૃદ્ધાવસ્થામાં અવસ્થા બદલાય, એ સમયે જેમ કષ્ટ થતું નથી, તેવું જ મૃત્યુ સમયે હોવું ઘટે. સર્વ સમયે-નિરંતર-પ્રતિક્ષણ પ્રભુસ્મરણ જેણે કર્યું હશે, તેને તે ભેટ મળે છે.'' મૃદુતા અને મધુરતા સાથે કહેલાં આ વચનો મને મારા આયુના દસમા દાયકે વધુ અર્થસભર લાગે છે. આવી પરલોકે સાથે લઈ જવાની ઘણી શાશ્વત સંપત્તિ - મૂડી બંધાવી દીધી છે તેમણે, તેથી હવે ગમે ત્યારે તેડું આવે, ખાલી હાથે નહીં જવું પડે તેની હામ છે હૃદયમાં.

પૂજ્ય સાહેબજીએ ઠેર ઠેર વેરેલ મૃત્યુ વિષેનાં અમર્ત્ય શુભ્ર-ધવલ મૌક્તિકોને આ લઘુગ્રંથ એક સેરમાં બાંધીને લાવ્યો છે, એ જોઈ જીવન હરખાઈ ઉઠ્યું છે. તેમણે સૌને મૃત્યુથી નિર્ભય બનાવી દીધાં! 'મૃત્યુની પાઠશાળા' રૂપે વહેલી આ સ્નેહનદીની સુવર્ણ રેત અને હૈયાનું હેત સદૈવ સમજાવતાં રહેશે કે સંસારવૃક્ષ પરિવર્તનશીલ-અનિવાસી છે. હા, આત્મા અવિનાશી છે અને જન્મ-મરણની અવિરત પ્રક્રિયામાં અવિનાશી સદા તાજું જ હોય છે! હવે દેહ અને આત્માની જૂદા પડવાની પ્રક્રિયા ભલે ગમે ત્યારે થતી, તમારી સંગે મુક્તિ તરફની યાત્રાર્થે આગળ જવા આત્મા હવે તૈયાર જ છે!

વડોદરા/મુંબઈ/પૂના

સી. કે. મહેતા

## જન્મ એટલે શું ? મૃત્યુ એટલે શું ?

આત્માનું કારણોથી આત્મ થવું, તે જન્મ.
આત્માનું સ્વરૂપમાં લીન થવું, તે મૃત્યુ.
મરણ પછી તો શરીરનું મૃત્યુ થઈ જવાનું છે, તેથી જે
જીવવાનું મળે, તે કેવળ આત્મા માટે જ હોવું જોઈએ.

## જીવન અને મૃત્યુ : એક કળા

જીવવાની જેમ એક કળા છે, તેમ મરવાની પણ કળા છે.
મરવું નિશ્ચિત છે, તો તેવી રીતે કેમ ન મરવું,
કે જેથી મૃત્યુનું જ મૃત્યુ થઈ જાય ?
જ્યાં સુધી રત્નત્રયના લાભની કિંચિત પણ
સંભાવના હોય, ત્યાં સુધી જ જીવવાની ઇચ્છા રાખો.
જ્યારે તેવી આશા ન રહે, ત્યારે
સાચો સાધક શરીરને રાગ અને વિવેકપૂર્વક ત્યજે.
જે લોકો સ્થિર બુદ્ધિવાળા છે તથા
અપ્રમાદ સેવાને પ્રમાદથી દૂર રહે છે,
તે લોકો અવશ્ય મૃત્યુને પાર કરી જાય છે.

'આજે મારી જીંદગીનો છેલ્લો દિવસ છે.'

રોજ એમ માનીને પોતાના મનની સ્થિરતા -
Serenity અને સ્વસ્થતા સંગે વર્તન કરવું.
જીંદગીની સુખની કહાણી કે દુઃખની કહાણી...
બંને તરફ રાખીની તટસ્થતાથી જોતાં શીખો.
આ જગતમાં જન્મ લેવાનો ફાયદો એ એક જ હેતુ હોય.
સુખ વખતે વધુ ઉદાર બનો - ઉદારતા કેળવો.
દુઃખ વખતે વધુ વિરક્ત બનો - વૈરાગ્ય વધારો.
દરેક મુશ્કેલીઓનો ગાંઠે ગાંઠ ઉકેલ હોય છે જ.

શાસ્ત્રમાં કહ્યું છે કે:

'अजरामरवत् प्राज्ञो विद्यार्थं च चिन्तयेत् ।
मृत्युना गृहीत इव केशेषु धर्ममाचरेत् ॥'

ડાહ્યો માણસ અજરામરની જેમ વિદ્યા અને ધનનો વિચાર કરે અને જાણે મૃત્યુ વડે વાળથી પકડાયો હોય, એમ ધર્મ આચરે અર્થાત્ વિદ્યા અને ધન મેળવવામાં વિલંબ કરે પણ ધર્મ કરવામાં વિલંબ ન કરે.

# મૃત્યુની પોકળતા

જે રીતે શરીર બાલ્ય, યૌવન, જરાવસ્થા ધારણ કરે છે,
તે જ રીતે દેહાન્તર પ્રાપ્તિ - એક શરીર છોડીને બીજું
શરીર ધારણ કરવું તે છે. મરણ તો નામ માત્ર છે.
એનું નામ સાંભળતાં જ ભય પામી દુઃખી થઈએ છીએ.

વસ્તુતઃ જો આપણે સમજતાં હોત તો
ભય પણ ન પામત અને દુઃખ પણ ન પામત.

મારો બાળક જુવાન થઈ જતાં
હું તેનું મૃત્યુ માનીને જો કહું કે:

'અરે! મારો પ્રિય બાળક ક્યાં ગયો? આ જુવાન પુરુષ
મારો બાળક નથી, મારો રૂવલચંદ્રક ક્યાં ગયો?'

તો મારા આ વ્યવહારને લોકો
હાસ્યજનક અને ઘોર અજ્ઞાનતાપૂર્ણ કહે.

આત્માની નિત્યતાનું જ્ઞાન કરીને પછી અજ્ઞાનનું બંધન
શિથિલ કરવા વિચારવું જોઈએ કે બધું જ અનિત્ય છે.

જેનો આરંભ છે, એનો અંત પણ છે.

'મૃત્યુથી ન ડરવું - મૃત્યુ તો છોડાવનારી ચીજ છે'.
આ વિચારથી આનંદ આવશે.

(૧) સંસારનાં દુઃખો યાદ રાખો. (૩) સંતોનું સ્મરણ કરો.
(૨) મૃત્યુનો નિરંતર વિચાર કરો. (૪) ઈશ્વરચિંતન કરો.

પહેલાં બે વિચારરત્નો વૈરાગ્ય જગાડશે, ત્રીજું રત્ન પ્રેરણા અને ચોથું ઈશ્વરાભિમુખ કરી તેનો સાક્ષાત્કાર કરાવશે.

શાશ્વત સત્ય પોતાનો આત્મા છે, જે
શરીરરૂપી આવરણથી આવૃત્ત છે, જેને મૃત્યુ દૂર કરે છે.

તે મૃત્યુ દેહનું અગર મનનું એમ બે પ્રકારનું હોય છે. મનનું મૃત્યુ એ મોક્ષ છે અને આખરે મોક્ષ પણ શું છે?

સત્યની પ્રાપ્તિ તે મોક્ષ છે. સત્ય એટલે આત્મા.

આત્મા એ તો સર્વમાં વિદ્યમાન હોવા છતાં સર્વ તેને પ્રાપ્ત કરી શકતાં નથી. એ પ્રાપ્ત કરવા માટે મનનું, અજ્ઞાનનું, અસત્યમાં સત્યના ભ્રમનું મૃત્યુ થવું જોઈએ.

જન્મ - મરણનું બીજ અજ્ઞાન છે,
આત્માના સમ્યગ્દર્શન સિવાય અવિદ્યાનું બીજ ન બળે.

મૃત્યુ પછી બચે છે કેવળ ભગવાન અને આ જગત.
આપણે તો સમુદ્રની લહેરોની જેમ આવીએ છીએ
અને જઈએ છીએ, એ બધા સાગરની લહેરો જ છે.
કોણે કેટલું કામ કર્યું, એનો હિસાબ લગાવવો વ્યર્થ છે.

રોજે લાખો મનુષ્યો મરી જાય છે,
મહાપુરુષ પણ એનાથી બચતાં નથી, તેથી જ
મૃત્યુ વિશે નિશ્ચિંત રહેવું જોઈએ, કેમકે
પ્રારબ્ધક્ષયથી મૃત્યુ થાય છે. પ્રારબ્ધનો ક્ષય થયો હશે,
તો માણસ એમ ઝટ ઝટ મરી જશે, કિન્તુ
જો પ્રારબ્ધનો ક્ષય નહીં થયો હોય, તો બિમાર હશે,
તો યે પંદર - પંદર, વીસ - વીસ વર્ષ લગી પણ જીવશે.

મરણં પ્રકૃતિઃ શરિરીણાં, જીવનં વિકૃતિરુચ્યતે ।
મરણ એ દેહધારીઓની પ્રકૃતિ છે, જીવન એ વિકૃતિ છે.
શહેરના મુખ્ય સ્મશાનમાં કોઈ દિવસ હડતાલ નથી,
એક પણ ચિતા ન સળગી હોય, એવો કોઈ દિન હોતો નથી.
દેહને ક્ષણભંગુર કહેવામાં આવે છે, એ સાચું જ છે.

મૃત્યુ નિશ્ચિત છે, માટે ધર્મ કરો.

મૃત્યુનો સમય અનિશ્ચિત છે,
માટે વિદ્યા અને ધનનું અર્જન કરો.

મૃત્યુનો વિચાર વૈરાગ્યની સાથે સાથે
ભૌતિક વસ્તુઓ કે જેનો વિયોગ થવાનો નિશ્ચિત છે,
તેનો સદુપયોગ કરી લેવાની પ્રેરણા આપે છે.
આમ મૃત્યુનું સ્મરણ વૈરાગ્યને વિકસાવે છે અને
મૃત્યુનો વિચાર પુદ્ગલ ઉપરના રાગભાવને છોડાવે છે.

શેના વિચારથી કોનો પ્રતિકાર ?

મૃત્યુના વિચારથી રાગદોષનો પ્રતિકાર થાય છે,
મુક્તિના વિચારથી દ્વેષદોષનો પ્રતિકાર થાય છે અને
આત્માના વિચારથી મોહદોષનો પ્રતિકાર થાય છે.
મૃત્યુનો અવિચાર તીવ્ર રાગને, મોક્ષનો અવિચાર તીવ્ર
દ્વેષને અને આત્માનો અવિચાર તીવ્ર મોહને સૂચવે છે.

જેનાથી તમે અળગા થયા,
તેને તમારા મરણના છેલ્લાં શ્વાસ સુધી ભૂલશો નહીં.

મૃત્યુ ભલે આવો - એ મિત્ર બનીને જ આવશે.
આપણે મંગલમય ઉત્સવથી તેનું સ્વાગત કરીશું.
ઉત્તમ પુરુષો મૃત્યુને મિત્ર માને છે પણ શત્રુ નહીં.
'મૃત્યુ અતિથિવિશેષ છે' માનીને તેનું સ્વાગત કરે છે,
તિરસ્કાર નહીં. મૃત્યુ આપણને માન આપવા આવે છે,
અપમાન કરવા નહીં. આથી ચઢીયાતા સ્થાને જનારને જતી
વખતે અભિનંદન આપવા મૃત્યુ સદા તૈયાર રહે છે.
સદાચારસંપન્ન સત્પુરુષો મૃત્યુ રૂપી એ મિત્રને ઝંખે
છે કે જે મિત્ર તેને વર્તમાન સ્થિતિમાંથી
સારી સ્થિતિએ લઈ જવા માટે સદા ઝંખે છે.
મૃત્યુને ભૂલીને જીવનનું મૂલ્યાંકન કરવું,
એ આપણો બહુ મોટો - ભારે અપરાધ છે.
જે જ્ઞાની પુરુષો પ્રમાદથી દૂર રહી કામનાઓને મારે છે,
તેમને મૃત્યુનો સ્પર્શ મૃત્યુરૂપે નહીં, મુક્તિરૂપે થાય છે.
મૃત્યુ તો અપ્રમાદી એવા જ્ઞાની પુરુષોને
જન્મ - જરા - મરણથી નિવૃત્તિ અપાવા આદર કરે છે.

જીવનની છેલ્લી પળ એ મંગલમયમાર્ગ છે.

મૃત્યુની ઘડી એ મંગળ ઘડી છે.

એ ઘડીને જેઓ પણ આવકારે છે, તે સાચું જીવન છે.

અસત્પુરુષો મૃત્યુથી સદા ભય પામે છે.

વિરક્ત પુરુષો અને બાળ સત્પુરુષો મૃત્યુને પરમ મિત્ર માને છે અને તેનાથી ભય પામવાને બદલે તેના પર સદા પ્રીતિને ધારણા કરે છે, કેમકે મૃત્યુ તેમને છે, તેઓ ઊંચી સ્થિતિએ લઈ જવા માટે આવે છે અને સદ્ગતિ પામવામાં સરળતા કરી આપે છે.

દુર્ગતિનો ભય પાપકર્મોમાં રત જીવોને હોય છે.

ધર્મકર્મોમાં મગ્ન રહેનારને દુર્ગતિનો ભય હોતો જ નથી, તેથી મૃત્યુનો ભય પણ રહેતો નથી.

તેઓને શુભ ગતિનો વિશ્વાસ હોય છે, તેથી મૃત્યુ ઉપર પ્રેમ અને આદર હોય છે.

મૃત્યુ પડખે જ ઊભું છે. એ આવે, ત્યારે આપણું ઉભું કરેલ ચિત્ર ભૂંસી નાંખે છે. એનો આગમન સમય અજ્ઞાત છે.

મૃત્યુનો મહિમા ૐ 21/5/71

સ્મશાન એ મૃત્યુની વિજયભૂમિ નહીં પણ મૃત્યુંજય મહાદેવની લીલાભૂમિ છે. જીવનગંગાનો પ્રવાહ અવિરત વહ્યાં કરે, તે માટે નૂતનનું અભ્યુપગમન અને જીર્ણની વિદાય, બંને એકસરખાં મહત્વનાં છે. સૃષ્ટિના ક્રમમાં જીવનું મૃત્યુ પણ સર્જન જેટલું જ અનિવાર્ય છે, કેમકે એ જીર્ણશીર્ણને દૂર કરે છે. આમ જેને અમંગલ ગણવામાં આવે છે, તે મૃત્યુ પણ અંતતોગત્વા તો જીવનનું જ કાર્ય સાધી આપનાર મંગલ તત્વ છે.

જીવન એક સાધના છે.

જન્મથી મૃત્યુ પર્યંત આ સાધના ચાલુ જ રહેવ છે.

જન્મનું ફળ સજન્મા થવું તે છે.

મૃત્યુ એ ભગવાનનું સૌમ્યતમ સ્વરૂપ છે.

જીવનભર મહેનત કરનારને માટે અંતિમ મહાનિદ્રા આવશ્યક અને આનંદદાયક છે, આખો દિવસ કામ કરનારને રાતની ઊંઘની જેમ.

મૃત્યુ = આત્મસ્વરૂપમાં લીન થવાની કળા.

દેહને માટે આત્માને અનંતવાર ગાળ્યો છે.
હવે આત્મા માટે જે દેહને ગાળશે, તે આત્મજ્ઞાન
માટે અધિકારી બનશે, ત્યારે સાચી નિર્ગ્રન્થતા પ્રગટે.

મૃત્યુ એટલે મહોત્સવ : To die is to settle.

દર્દથી મોત નથી પણ મોતથી દર્દ આવે છે.
અકસ્માત નડે ત્યારે મોત આવવાનું છે માટે દર્દ ઉપડે છે.
દર્દથી કે અકસ્માતથી મરણ મરે છે એમ નહિ, પરન્તુ
'મરણ આવવાનું છે માટે દર્દ થાય છે, અકસ્માત થાય છે'
એમ માનવું ઉચિત છે.

અંત સમયે દર્દીને મોટેથી નવકાર સંભળાવવા કરતાં
પોતાના નિજસ્વરૂપમાં ઉપયોગ રાખી શકે તેમ કરવું.

'અંત વખતે મને કોઈ બોલાવશો નહીં,
હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.'
એમ વિચારી અંત સમય સાચવવા જેવો છે, જેથી
આત્મસ્વરૂપમાં લીન થઈ અંતિમ આરાધના સધાય.

મૃત્યુ એ આત્માના વિકાસનું દ્વાર છે.

જીવનમાં જેટલી આધ્યાત્મિકતા વધુ લીધી છે, તેમને માટે
મૃત્યુ એ બીજા નવા ઉચ્ચ જીવનનું સોપાન બને છે.

અકબરે પોતાના મકબરા ઉપર લખાવ્યું કે:

'હે ઈશ્વર ! તું અને તારૂં નામ -
બે જ માત્ર સત્ય અને સનાતન છે.'

મૃત્યુ એ જીવનનો અંત નહિ, અનંત પ્રતિનું પ્રવેશણ છે.

મૃત્યુ માર્ગ દ્વારા વધુ ઉચ્ચતર જીવનમાં પસાર થવાનું છે.

દેહ ઉપર કુદરતનું ગ્રહણ, તેનું નામ મૃત્યુ.

મૃત્યુ દ્વારા જ આત્માના અમરપણાંનું ભાન થાય છે
અને દેહના નાશવંતપણાંનું ભાન થાય છે.

મૃત્યુના અનેક ઉપકાર છે, તેમાં શ્રેષ્ઠ એ કે મૃત્યુ દ્વારા
જર્જરિત દેહથી મુક્તિ અને નવા સુંદર દેહની પ્રાપ્તિ.
બીજો ઉપકાર એ છે કે ઊંચ - નીચના ભેદ ચીરાને
સમપણાંની તથા પવિત્રતાની ભાવના.

*Entry in death is for restoration.*

દુન્યવી મૃત્યુ તે આધ્યાત્મિક જન્મ.

મૃત્યુને મિત્ર માનો, દુશ્મન નહીં.

અજ્ઞાનરૂપી કાળરાત્રિના અંધકારમાંથી
જ્ઞાનરૂપી નવજીવનના પ્રકાશમાં મૃત્યુ જ પહોંચાડે છે.

'વર્તમાન જીવન સુખપૂર્વક જીવી શકાય,
તે માટે જ પૂર્વના જન્મથી અને મૃત્યુ પછીના જન્મથી
માનવીને અજ્ઞાન રાખેલ છે' એમ માનવું.

વર્તમાન જીવન એવી રીતે જીવો કે
મૃત્યુ દ્વારા દિવ્ય જીવનના દ્વાર ખૂલી જાય.

મૃત્યુ સમયે સગાં - સ્નેહીથી છૂટાં પડવાનું દુઃખ થાય છે,
તેના બદલે પરમતત્ત્વમાં ભળી જવાનો હર્ષ થવો જોઈએ.

'મૃત્યુ દ્વારા આપણે દૂર દૂર જઈ રહ્યાં છીએ'
તેમ થવાને બદલે 'આપણા જ મૂળ સ્વરૂપની પાસે
પહોંચવાની ક્રિયા થઈ રહી છે' એમ માનવું ઉચિત છે.

'મૃત્યુ સમયે બાહ્ય - ઠગારું સ્વરૂપ છોડીને મૂળ - શુદ્ધ
સ્વરૂપ પામવાનો ઉત્સવ થઈ રહ્યો છે' એમ માનો.

મૃત્યુ એ નિદ્રા નહીં પણ આત્મજાગૃતિ છે,
માટે મૃત્યુને પ્રેમથી આવકારો.

નામ તેનો નાશ છે પણ સાથે અનંતતા પણ છે.

અનંતતાનો વિચાર
નાશના વિચારથી થતી ગભરામણનો નાશ કરે છે.

મૃત્યુને મહોત્સવ બનાવવા માટે શું કરવું?

મૃત્યુને મહોત્સવ રૂપે મનાવવા માટે આપણે
રોજ રાત્રે સૂતી વખતે મૃત્યુનું નાટક ભજવવું.

મૃત્યુ એ જીવનસિન્ધુમાં બુદ્બુદ રૂપ છે.
બુદ્બુદ તે સિન્ધુ છે, તેમ મૃત્યુ પણ જીવન જ છે,
જીવનનું જ એક નામાંતર અને રૂપાંતર છે.

મરણને ટાળવા નહિ, સુધારવા પ્રયત્ન કરવો જોઈએ.
અઠવાડીયાના સાત વારમાંથી કોઈ વારે મૃત્યુ આવવાનું
જ છે, માટે સવારે ઉઠો, ત્યારે વિચાર કરો કે મૃત્યુ
મને આજે લેવા આવે, તે માટે મારી તૈયારી છે?
જવાબ જો રોજેરોજ 'હા' હોય, તો નિશ્ચિંત થઈ જજો.

# ધ્યાનથી મૃત્યુનો સાક્ષાત્કાર

(૧) મૃત્યુ જીતવાનો ઉપાય = પ્રતિક્ષણ સજાગ રહેવું.

(૨) મૃત્યુ સાત દિવસોમાં છે, મુક્તિ પણ ૭ દિનમાં છે.

(૩) રોજ મરવાનું શીખો, તેને મૃત્યુ મૃત્યુ રહેતું નથી.

(૪) ઘડપણવાળાનું મૃત્યુ અમંગળ નહીં પણ મંગળ છે, કેમકે તે ભગવાનના મિલનમાં સહાય કરે છે.

(૫) મૃત્યુ સાક્ષાત સત્ય છે. તે પોતાના અનિવાર્ય આગમનની રોજ સૂચનાઓ આપે છે.

(૬) રાત્રે સૂતી વખતે પ્રકૃતિ સૂતાં બાદ સ્થૂળ દેહથી સૂક્ષ્મ શરીર જુદું પડે છે, તેને વિચારવાથી સ્થૂળ-સૂક્ષ્મ શરીર અને આત્માનું પાર્થક્ય પ્રત્યક્ષ કરી શકાય છે. શરીર શાંત થાય છે, તે વખતે જીવ તેને જાણે છે. આ પ્રકારના ધ્યાનથી મૃત્યુનો સાક્ષાત્કાર થઈ શકે છે. જન્મ થાય છે, તે દિવસથી જ મૃત્યુનો પ્રારંભ થાય છે. જીવન એક યજ્ઞ છે, જન્મ એ પ્રથમ આહુતિ અને મૃત્યુ એ યજ્ઞની અંતિમ પૂર્ણાહુતિ છે.

ભગવાનના સ્મરણમાં જ જો દેહ છૂટે,
તો તેને 'મરણ' નહિ પણ 'પ્રયાણ' કહેવાય.

મરણની પણ તૈયારી કરનાર
હસતે મુખે દુનિયાની વિદાય લઈ શકે છે અને
હસતે મોઢે પ્રભુને મેળવી શકે છે.

બહારગામ ફરવા જવા જેમ તૈયારી કરીએ છીએ,
તેમ રોજેરોજ મૃત્યુ માટેની પણ તૈયારી રાખી
આપણા ચિત્તને પ્રભુમાં પરોવવું જોઈએ.

જન્મ અને મરણ એ જીવનના આદિ-અંત ભાગ છે.
મૃત્યુનો ભય કાલ્પનિક છે, કારણ કે
તે એક અનિવાર્ય પ્રાકૃતિક તત્ત્વ છે.

મરણ સુધર્યું, તેનું જીવન સુધર્યું.

મૃત્યુ જ ન હોય તો જન્મ પણ અશક્ય છે અને
જો જન્મ અને મૃત્યુ જ ન હોય,
તો આત્માનો વિકાસ પણ અશક્ય છે,
માટે દેહ પરિવર્તન દરેક પ્રાણી માટે જરૂરી છે.

## સમાધિ મરણ એટલે...

મરતાં ધર્મ યાદ આવે, કિન્તુ આ સંસાર નહીં અરિહંત પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં મરણ આવે તે. જીવનાંતે સ્વસ્થતાવાળું મરણ, જીવની હર્ષ - ખેદ અને મમત્વરહિત અંતિમ અવસ્થા એ સમાધિ મરણ.

સમાધિ મરણ માટે સમાધિમય જીવન જરૂરી છે.

## સમાધિ મરણનો ઉપાય શું ?

સમાધિ મરણનો મુખ્ય ઉપાય દુષ્કૃતમાત્રની ગર્હા છે, અદીન જીવનનો ઉપાય સુકૃતમાત્રનું અનુમોદન છે અને પરમાત્મપ્રાપ્તિનો ઉપાય છે શરણાગમન.

## સમાધિ મૃત્યુ માટે કઈ પાંચ વસ્તુ જરૂરી ?

(૧) સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના (૨) વ્રતનિયમ ઉચ્ચારણા
(3) મૃત્યુ સમયે આહાર, ઉપધિ અને શરીરમાંથી મમત્વ ખેંચી લઈ વોસિરાવવાનું - ત્યાગવાનું.
(૪) દેવાધિદેવના અનંત ઉપકારોનું સ્મરણ કરવું તથા
(૫) નવકાર વડે પંચ પરમેષ્ઠિનું સતત ધ્યાન ધરવું.

મૃત્યુ પણ એક પ્રકારનો પ્રાકૃતિક વિશ્રામ છે.
તે નવીન - નૂતન જીવન આપે છે.
જીવનનો સદુપયોગ જીવનકાળમાં જ વિશ્રામ આપે છે
અને તે જ નિત્ય જીવનનો હેતુ છે.
વિશ્રામ સાધન પણ છે અને સાધ્ય પણ છે.
વિશ્રામથી જ સઘળી શક્તિઓનો વિકાસ થાય છે અને
તેના સદુપયોગથી અંતે પણ વિશ્રામ મળે છે.
વિશ્રામ એ જીવન - ચિન્મયતા અને નિત્ય નવરસ છે.
વિશ્રામ સિદ્ધ કરવામાં જેવાં જેવાં વિઘ્નો આવે છે, તે
જોવા જેવું છે, એમ કહી શકાય કે જે વર્તમાનનું કાર્ય છે,
તેને ભવિષ્ય માટે રાખવું અને જે વર્તમાનનું કાર્ય
નથી, તેનું ચિન્તન કરવું, તે વિશ્રામ માટે વિઘ્નરૂપ છે.
વિશ્રામ એ અનંતનો સ્વભાવ છે. તે પ્રાપ્ત થતાં જ
દીનતા અને અભિમાન સર્વદા માટે શાંત થઈ જાય.
જીવનની પાછળ મૃત્યુ તો છે જ પણ
મૃત્યુ એ જીવનનું ધ્યેય નથી, ધ્યેય તો મુક્તિ છે.

## કાળનું તેડું - અગાધ

મૃત્યુના ન્યાય - નીતિ - નિયમ અને કામ કરવાની રીત
અગાધ છે, માનવી તેનો તાગ પામી શકતો નથી.
કાળ ક્યારે - કોના ઉપર પોતાનો મૃત્યુદંડ ઉગામશે,
એનો કશો જ અણસારો ન હોવાથી
માનવીએ પોતાનું કામ હંમેશા આટોપતાં રહેવું જોઈએ.
અંતરમાં સદ્વૃત્તિ તથા જીવનમાં સત્પ્રવૃત્તિને પોષતાં રહીને
કાળના તેડાનું સ્વાગત કરવા સદા સજ્જ રહેવું જોઈએ.
જે જાગ્રત રહે, એ જીવન અને જગતને જીતી જાય,
જે ગાફેલ રહે, એ સૌ પોતાના હાથે જ હારી જાય.

## આત્મા અજર - અમર છે.

અજાતવાદ = કશું જન્મતું નથી - કશું મરતું પણ નથી.
મૃત્યુનો વિચાર જીવને લોકૈષણાથી પર બનાવે છે.
લોકૈષણા જીતવા હેતુ મૃત્યુ નિત્ય વિચારવું જોઈએ.
જન્મની જેમ મરણ પણ
જીવાત્માના અનંત જીવનનો જ એક ભાગ છે.

ભરત ચક્રવર્તીએ પોતાના બંદીજનોને કહી રાખ્યું હતું કે
તેઓએ તેને રોજ 'ચેત ભરત! ચેત, કાળ ઝપાટા દેત'
આવી ચેતવણી પોતાને આપ્યા જ કરવી.
સૌ કોઈને માટે આ ચેતવણી ઉપયોગી છે.

## જન્મ અને મરણ તો...

મુક્તિના દ્વાર સુધી પહોંચાડનારાં સોપાન છે. અવિનાશી
આત્માને ઓળખ્યાં પછી જે મરે, તે જ સાચો જૈન.
'જિતો ભવાન્! વર્ધતે ભીઃ તસ્માત્ મા હન મા હન।'
જીવનની ચંચળતા અને મૃત્યુની અનિયમતતા
ક્ષણભર પણ વિસરવા યોગ્ય નથી.

એ સનાતન નિયમ છે કે:
'જે જાગતો રહેશે, તે જીતશે, જે ગાફેલ બનશે, તે ખોશે.'

જન્મદુઃખં જરાદુઃખં મૃત્યુદુઃખં પુનઃ પુનઃ।
સંસારસાગરે દુઃખં તસ્માત્ જાગૃત જાગૃત ॥૧॥ અર્થાત્:
વારંવાર જન્મદુઃખ - જરાદુઃખ - મૃત્યુદુઃખ છે,
સંસારસાગરમાં દુઃખ જ છે, તેથી જાગો જાગો.

**પ્રતિક્ષણ સુધારવાથી મરણ સુધરે છે.**

પ્રતિક્ષણ શરીર બદલાય, માટે પ્રતિક્ષણ મૃત્યુ થાય છે, માટે મરણને સુધારવા પ્રતિક્ષણ પ્રભુસ્મરણ કરો. કાળની ફાળને ચોવીસે કલાક આપણા માથે રાખીને ઈશ્વરનું ચિન્તન કરવાથી પાપવૃત્તિ ઉદ્ભવશે નહીં.

**માનવના પગ જમીન પર, માથું આસમાનમાં રહેલું છે, તે એમ સૂચવે છે કે માનવનો જન્મ દેહાતીત થવા - પરમ જ્યોતિની પ્રાપ્તિ કરવા માટે છે.**

જન્મ - જરા - વ્યાધિ આદિનો નિરંતર વિચાર કરવાથી વૈરાગ્ય દૃઢ થાય છે અને પાપ છૂટી જાય છે.

**'નમો' એ મૃત્યુંજય મહામંત્ર છે.**

'નમો' મંત્ર તમસમાંથી જ્યોતિમાં લઈ જાય છે અને મૃત્યુમાંથી અમૃત અક્ષર આચરણમાં લઈ જાય છે.

'મમ' એ મૃત્યુનું કારણ છે, કિન્તુ 'નમ' એ તો મૃત્યુના મૃત્યુનું કારણ છે, તેથી અંતરાત્મભાવમાં રહીને પરમાત્મભાવમાં નમવું.

## સર્વ જીવને મૃત્યુનો ભય

મોટા દેવોને પણ કાળની ભીતિ છે.
જેને કાળની ભીતિ છે, તેને શાંતિ ક્યાંથી હોય?
કાળ તો પરમાત્માનો સેવક છે. મરવું તો પડવાનું જ,
માટે રોજ થોડી થોડી મરવાની તૈયારી કરજો.
એવી ભાવના કરો કે : જે પ્રભુએ જન્મ સુધાર્યો છે,
તે પરમાત્મા મારું મરણ પણ સુધારશે.
કાળની ભીતિ વડે જ પ્રભુના ચરણોમાં પ્રીતિ થાય છે.
શુભધ્યાને દેહ છૂટે તે પ્રયાણ અને નહીં તો મરણ.
વાસના મરણને બગાડે છે. મોટે ભાગે જીવ વાસનામાં
રહીને જ શરીર છોડે છે, તેથી તેનો ઉદ્ધાર થતો નથી.
કષાયોની ગ્રંથિઓ જ જીવને સંસારમાં બાંધી રહી છે.
એને મૂળમાંથી તોડવાની છે. મળેલો જન્મ કેમ વધારે
સાર્થક થાય, એ જ વિચાર કર્તવ્ય છે. સર્વ કષાયો
અને વિષયોને ધોઈ નાંખીએ, તો જ મુક્ત થવાય.
સહજ સમાધિ એ જ તેનો ખરો ઉપાય છે.

## આ નરદેહનો ઉદ્દેશ શો?

અહીંની માત્ર સમસ્યાઓ ઉકેલવા કે આત્મસાક્ષાત્કાર?
સમસ્યાઓ તો નિરંતર ચાલતી જ રહેવાની અને
આ જન્મમાં આત્મસાક્ષાત્કાર ન થયો,
તો પુનર્જન્મ મનુષ્યનો જ મળશે, એનો ભરોસો શો?
માટે મરણ પૂર્વે જ આત્મસાક્ષાત્કાર કરવો રહ્યો.
અજ્ઞાન એ આત્માનું ભાવમરણ છે.

## વિરલ મૃત્યુ કોને મળે?

મૃત્યુના સમયનું અગાઉથી જાણ થઈ આવવું,
મૃત્યુ સમયે આનંદપૂર્વક મૃત્યુને ભેટવું અને
તે વખતે કાંઈપણ દુઃખ-વેદના ભોગવવા ન પડે, એવો
સંયોગ કોઈ વિરલ ભક્તના ભાગ્યમાં જ લખાયો હોય.
'मृत्यु एक दिन आयेगा ही, तन को मारकर गिरायेगा;
किन्तु सत्, चिद्, आत्मदेव को 'छू' न कभी भी पायेगा'.
જે સૃષ્ટિમાં એકને જ જુએ છે, અનંત મૃત્યુમાં પણ
જીવનને જુએ છે, તે જ શાશ્વત શાંતિને મેળવે છે.

મરણને જીતવાનો ઉપાય છે :

જ્ઞાન અને ક્રિયાની ઉપાસનામાં રક્ત રહેવું.

દયા, ક્ષમા વગેરે દશ લક્ષણ ધર્મનું આચરણ કરનાર
સાધકનું મરણ સમાધિવાળું જ બને છે.

મૂળમાં નાભિ દ્વારા જ પોષણ મેળવીને આ પિંડ
બંધાયો છે. મૃત્યુ સમયે ફરીવાર મનુષ્યને નાભિનો
શ્વાસ શરૂ થાય છે અને જીવનનું ચક્ર પૂરું થાય છે.

જીવ્યા એ રીતનું મૃત્યુ છે, તેથી
જીવ્યા વખતે ભગવત - સ્મરણની ટેવથી
મૃત્યુ સમયે અચૂકપણે ભગવાનનું સ્મરણ રહેશે.

મૃત્યુ એ કાંઈ જીવન ખોલવાવાનું નામ નહિ, પરન્તુ
જ્ઞાનના અંધકારમાંથી પ્રકાશમાં જવાનું પ્રવેશદ્વાર છે.
જન્મ અને મૃત્યુ વચ્ચે છે, તેટલું જ માત્ર જીવન નહિ.

સંતપુરુષો જીવતાં જ વાણીનો મનમાં,
મનનો આત્મામાં અને આત્માનો મહાત્મ સ્વરૂપમાં
અદ્વૈત આનંદમાં લય કરી દેહભાવથી પર થઈ જાય છે.

'મતિ તેવી ગતિ'નો અર્થ જેવી લેશ્યા, તેવી પરિણતિ. જે લેશ્યામાં મરે, તે જ લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય.

જે આત્મા ધર્મ કરીને પરભવમાં જાય છે, તે સુખી થાય છે, કિન્તુ જે જિનવચનને જાણતો નથી, તે ઘણીવાર બાલમરણે અને અકાલ મરણે મરે છે. જિનવચનને સાંભળવાથી અને તેમાં શ્રદ્ધાવંત થઈને તેનું આચરણ કરવાથી પંડિત મરણે થાય છે અને તે જ મૃત્યુ ધન્યવાદને પાત્ર છે.

પા પલની ખબર નહીં, કરે બડી બડી બાત;
મૃત્યુ મારનકે ફિરત હૈ, જ્યું તેતર પર બાજ !

નીતિકાર કહે છે કે : આવતીકાલનું કામ આજે કરી લેવું અને બપોર પછી કરવાનું કાર્ય બપોર પહેલાં પતાવી લેવું, કારણકે કાળ 'આ વ્યક્તિએ પોતાનું કામ પૂરું કર્યું છે કે નહીં' એની કદી રાહ જોતો નથી.

મૃત્યુ ઉપર વિજય મેળવવા ઈચ્છતાં હોય, તેમણે વિષયેચ્છા - કામનાઓને તુચ્છ ગણવા જોઈએ.

V.V. Imp.

'પ્રશ્નોત્તર રત્નચિંતામણિ'માં કહ્યું છે કે:

મરણ અવસરે સમાધિમાં ચિત્ત રહે, તે માટે 'લોગસ્સ કલ્પ'માં નીચેની ગાથાના જાપ કરવાના કહ્યાં છે:

મરણ વખતે 'ૐ ૐ અંબરાદ અંબરાદ, કિત્તિય વંદિય મહિયા... ...દિંતુ સ્વાહા।' મંત્રના ધૂપ-દીપપૂર્વક એકધ્યાને ૫૦૦૦ જાપથી સમાધિ રહેશે. માંદગીમાં એ ગાથાનું ધ્યાન જરૂર રાખવું. લોગસ્સમાં ૭-૭ જિનની બેઉ પદ્યકમાં ૪-૪ જિનનામની સ્થાપના તથા છેલ્લી ૩ ગાથાની વિચારણા બ્રહ્મરંધ્રમાં થઈ શકે.

'આઉરપચ્ચક્ખાણ પયન્ના'માં કહ્યું છે કે:

૧૨ અંગના જાણકાર પણ મરણ અવસરે સંપૂર્ણ શ્રુતનું ધ્યાન કરી શકતાં નથી, તેથી એક ગાથાનું ધ્યાન પણ ભવસમુદ્રથી તારનારું છે. માટે વીતરાગ ધર્મની હર કોઈ ગાથાનું ધ્યાન કરવું. સમાધિમાં રહેવાની ભાવના પણ જીવને તારનાર છે, માટે ઉપરોક્ત જાપ કરવા જરૂર શ્રેષ્ઠ છે.

## કાળજ્ઞાન થવાના (મૃત્યુ સમય જાણવાના) ઉપાયો

(૧) નાડીશુદ્ધિ અર્થાત્ નાડીસંચાર ઓછા.

(૨) ભિન્નદેહના કથનથી. (૩) પ્રાતિભ જ્ઞાનથી.

(૪) પશુ - પંખીઓ પોતાનું લક્ષણ ઘણું સ્થાન જોવાથી.

(૫) અરૂન્ધતીનો તારો ન જોવાથી.

(૬) નાસાગ્ર ભાગ, આંખની કીકી ન દેખાવાથી.

(૭) કાનની અંદરનો ધ્વનિ ન સંભળાવાથી.

(૮) સુગંધી પદાર્થ દુર્ગંધી જણાય ત્યારે અથવા નાસિકામાં કશી જ ગંધ ન પરખાય ત્યારે.

૧ શ્વાસોચ્છ્વાસ એટલે કેટલો કાળ?

'પાદ સમા ઉચ્છ્વાસા |' અર્થાત 'શ્વાસોચ્છ્વાસ' એટલે...
૧ પાદ એટલે કે શ્લોકના ચતુર્થ ભાગ જેટલો કાળ.

મૃત્યુનો સમય આવ્યા પહેલાં મનુષ્ય મરતો નથી અને મૃત્યુનો સમય આવ્યા બાદ તે બચતો નથી.

જન્મ-મરણ જેના ગર્ભમાં છે, તે સુખ આપાત રમણીય હોય તો પણ ત્યાજ્ય છે, એ વિવેકનું ફળ છે.

## <u>મૃત્યુ - એક નિર્વિકલ્પ સત્ય</u>

(૧) શરીર નિત્ય મૃતક છે, આત્મા સદા અમૃત છે,
તો આયુષ્ય માટે વિકલ્પ શા માટે કરવો?

(૨) વિકલ્પ કરવા કરતાં સદા ય અમૃતમાં વિકલ્પરહિત-પણે અમૃતમય રહેવું, એમ જ્ઞાની પુરુષો ફરમાવે છે.

(૩) વાસ્તવમાં મૃત્યુ જેવી કોઈ વસ્તુ નથી, કિન્તુ તે આત્મઉપયોગ નિર્વિકલ્પ મન વિકલ્પ આવતો જ નથી.

## <u>દેહાધ્યાસ તૂટ્યાં પછી શું થાય છે?</u>

દેહાધ્યાસ તૂટ્યાં પછી જગમાત્ર પ્રત્યે
કરુણાભાવ પ્રગટી ઉઠે છે, કષાયો શાંત થઈ જાય છે,
ભવભ્રમણનું દુઃખ સમજાય છે અને
કેવળ એક ઉપયોગમનની જ ઇચ્છા રહે છે.
આ રીતે દેહાધ્યાસ તૂટી જતાં આત્મપ્રતીતિ થાય છે.

<u>ભોગની યાત્રા મૃત્યુની - યોગની યાત્રા અમૃતત્વની છે.</u>

તમે જાણો કે હું એકલો મોટો બની જાઉં, તો તે અશક્ય છે,
તેથી એક એક શ્વાસ લ્યો, તે સૌના ભલા માટે જ લેજો.

આપણે જગતને અન્યાય કરીને તેના શિકારરૂપે
જન્મ - મરણની અનંતી પીડા ભોગવતા રહ્યાં છીએ.

જન્મ પહેલાં પણ જીવન હતું અને
મૃત્યુ પછી પણ એ રહેવાનું જ. આત્માની અમરતાને
આ રીતે પારખે, તે મૃત્યુના નામથી કદી ગભરાય નહીં.

મૃત્યુને રોજેરોજની એક ઘટના માનીને
સ્વસ્થપણે તેનો વિચાર કરે. ધીરસ્તત્ર ન મુહ્યતિ ।

આત્માની અમરતાની વાત વ્યક્તિત્વની સાથે
વણાઈ જવી જોઈએ, જીવનની એક જીવતી તથા જાગતી,
પ્રતિપળ અનુભવાતી ઘટના જ બની રહેવી જોઈએ.
વૃદ્ધાવસ્થામાં ઈંદ્રિયો ક્ષીણ થઈ નથી અને શરીરમાં રોગનું
આક્રમણ આવ્યું નથી, ત્યાં સુધી સંયમમાં વીર્ય ફોરવો.

વધુમાં વધુ ૭ દિવસ બાદ ૧ જીવ સમકીત પામે જ,
૧૨ થી ૧૪ દિવસે એક જીવ દેશવિરતિ પામે,
વધુમાં વધુ ૧૫ દિવસે ૧ જીવ સર્વવિરતિ પામે તથા
વધુમાં વધુ ૬ મહીને ૧ જીવ મોક્ષે જાય જ.

ઠાણાંગ સૂત્ર - ૭માં કહ્યું છે કે:

૭ કારણોને લઈને જીવનનો અકાળે અંત આવે છે:

(૧)લાગણીને આઘાત પહોંચવાથી (૨) વેદના વધી પડવાથી

(૩)અધિક આહાર કરવાથી (૪) શસ્ત્રાદિનો પ્રહાર થવાથી

(૫) સજીવ વસ્તુ સાથે અથડાવાથી

(૬) ખાડામાં પડી જવાથી (૭) શ્વાસનું રૂંધન થવાથી.

ઉત્તરાધ્યયન સૂત્ર, અ - ૭, ગાથા ૧૧/૧૩માં કહ્યું છે કે:

આત્મા મૃત્યુ પછી દેવલોકમાં જાય છે,

ત્યાં તેની સ્થિતિ અસંખ્ય વર્ષોની હોય છે પરંતુ તેને

દુર્બુદ્ધિવાળો મનુષ્ય સો વર્ષથી ય ઓછાં આયુષ્યવાળા

માનવજીવનના કામ તથા ભોગ માટે હારી જાય છે.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૭, ગાથા - ૧૬માં કહ્યું છે કે:

મનુષ્યભવ એ મૂળ ધન છે, દેવગતિ એ લાભ છે અને

નરક - તિર્યંચની ગતિ એ મૂળ ધનનો નાશ છે.

કાળ સૌનો ભક્ષક છે, તે સૌ જીવોનું અભિમાન ગાળી

નાખે છે, માટે દુનિયામાં એક મુસાફરની જેમ રહો.

'સંલેખના' એટલે જીવિતૈષણાનો ત્યાગ,
જીવન - મરણમાં સમભાવ, હું અને મારાપણાંનું વિસર્જન.
આત્મધર્મમાં મૃત્યુ કલ્યાણકારી છે, પરધર્મ ભયાવહ છે.
શ્રી જિનવચન એ વિષયસુખનું વિરેચન છે,
જરા - મરણાદિ વ્યાધિઓ અને દુઃખોનું રસાયણ છે.
જન્મ - મરણનાં દુઃખોથી બધા ભયભીત થાય છે,
પરન્તુ કોઈ વિષયોથી વિરક્ત થઈ શકતાં નથી!
કર્મ એ જન્મ - મરણનું મૂળ છે અને
જન્મ - મરણ એ દુઃખનાં મૂળ છે.
સર્વને સુખી કરવાની ભાવના સફળ બનાવવા માટે
અરિહંત પરમાત્માની નિત્ય પ્રાર્થના કરવી,
જેથી જન્મ - મરણના ફેરામાંથી મુક્તિ મળે અને
તે પછી કોઈ જીવને દુઃખ દેવાનું ન રહે તથા
'સર્વે જીવો સુખી થાય' એ ભાવના ફળવતી બને.
મરણનો વિચાર પ્રભુનું સ્મરણ કરાવે છે, પ્રભુનું
સ્મરણ જીવો પ્રત્યે મૈત્રી પ્રકટાવીને મુક્તિ આપે છે.

જગતમાં સારભૂત જૈનશાસન અને જૈનસંઘ છે.
તે બન્ને જો ન મળ્યાં હોત,
તો આ જીવ મોક્ષમાર્ગ સુધી કઈ રીતે પહોંચી શકત?
આ એક એવું દર્શન છે, જેમાં કશું બાકી નથી.
અહીં કશા ભેદ - વિભેદ નથી અને ભય પણ નથી.
સર્વભક્ષી મૃત્યુનો ભય પણ જિનની આંખો બનીને
આત્મરાગ રૂપે એ પછી ઊભો રહે છે.
આ શાસનની પેઢીનો વહેપાર એવો છે કે...
વેપારને કરવામાં જેનું મન લાગી જાય, તે જ્યાં સુધી
શાશ્વત સુખ ન મળે, ત્યાં સુધી સંસારમાં રહેતાં છતાં
શાશ્વત સુખનો અનુભવ કરી શકે છે.
મરણ આવે તે પહેલાં વિચાર કે અરિહંત પ્રભુની
પેઢી અર્થાત્ પરમાત્માના શાસનનો સહારો મળ્યો છે,
તો અનાદિકાળનું દુઃખ - જન્મ - મરણને મિટાવી શકે છે.
વિદ્યા - દાન - ઉપાસનાથી અમૃત મળે છે અને
અવિદ્યાકર્મથી મૃત્યુને ઓળંગી જવાય છે.

જીવનમાં ત્રણ મિત્ર છે: ધન, શરીર-સ્વજન અને ધર્મ.

મરણ વખતે ધન અને શરીર પડ્યાં રહે છે,
સ્વજનો સ્મશાન સુધી આવે છે, પરન્તુ
ત્રીજો સાથે આવે છે, તે ધર્મમિત્ર જ સાચો મિત્ર છે.
શરીર નિત્યમિત્ર છે, સ્વજન પર્વમિત્ર છે અને ધર્મ એ
પ્રણામમિત્ર છે. અંતે પ્રણામમિત્ર જ સાચો મિત્ર છે, તેથી
તેને નિત્યમિત્ર બનાવવો જોઈએ.

એક સર્વસાક્ષી પરમાત્માને જાણીને જન્મ અને
મરણથી છૂટી શકાય, બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી.

શિવ સ્મશાનવાસી છે, કેમકે આખું જગત
સ્મશાનરૂપ છે અને શિવ સર્વમાં વ્યાપક છે.

શરીર જ જ્યારે શિવનું મંદિર બની જાય છે, ત્યારે
તેનો પગ જ્યાં જ્યાં પડે છે, ત્યાં ત્યાં પવિત્રતાનો
સ્તંભ રોપાય છે અને ધરતીની ધૂળને ધન્ય કરે છે.
આવું શરીર ઢળી પડે તો યે તેના અંદર પ્રકટેલાં
શિવના ચૈતન્યસ્વરૂપને કશી જ આંચ આવતી નથી.

આત્મા શરીરથી ભિન્ન છે.

પ્રાણ એ મન - શરીરનો સ્વભાવ છે,
ક્ષુધા - તૃષા એ પ્રાણનો, શોક - મોહ એ મનનો તથા
જન્મ - મૃત્યુ એ શરીરનો સ્વભાવ છે.

મહાત્માના ખરાં દુશ્મન કોણ ?

જ્યાં સુધી મૃત્યુને આપણે નહિ ટાળી શકતાં,
ત્યાં સુધી વ્યગ્રતાને, જે મૃત્યુનું જ બીજું નામ છે,
તેને ખાળી શકીએ છીએ, કારણ કે અંતે તો
વ્યગ્રતા અને અસમતા જ મહાત્માના ખરાં દુશ્મન છે.

દેહાલય જ્યારે દેવાલય બનશે, ત્યારે
હૃદયરૂપી સિંહાસન ઉપર પરમાત્મા બિરાજમાન થશે.

જે મંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠા કરવાની હોય,
તે સ્થાને ઊંડાણ સુધી જઈ અશુદ્ધ ચીજો કાઢી લઈ
તેમાં કિંમતી રત્ન, રૂપિયા, ઝવેરાત નાંખવામાં આવે છે,
તે જ રીત દેહરૂપી દેવાલય માટે સમજવા.
પ્રભુ આવે તે પૂર્વે આપણે અશુદ્ધ મટવું રહ્યું.

જે પરની ચીજ છે, તેને સ્વભાવની માનવી,
તે જ અનંતા જન્મ-મરણનું કારણ છે.

'હું અનાદિ-અનંત સ્વતંત્ર વસ્તુ છું.
પરાધીનતા મારા સ્વભાવમાં નથી.'

'કિંચિત્ પરની મદદ' એટલી પણ ઊંધી માન્યતા ચોર્યાશીના જન્મ-મરણના ચક્રાવામાં અનંતકાળ સુધી
ભટકાવી-ભટકાવીને રખડાવી મારનાર છે.

મરણાન્ત કષ્ટ વખતે પણ શ્રી પરમેષ્ઠિ નમસ્કાર જ સમાધિમાં હેતુ બને છે, તેનું કારણ તેમાં રાગાદિથી ભિન્ન એવા વીતરાગ અને જ્ઞાનાદિથી અભિન્ન એવા
આત્મ તત્ત્વનું ચિન્તન-ભાવન થાય છે.

મૃત્યુનો નિરંતરપણે વિચાર કરવો. જેના વચન ઉપર વિશ્વાસ હોય, તેવો મનુષ્ય એમ કહે કે 'તું થોડાં જ કલાકમાં મરવાનો છે' તો પાપ કરવાની હિંમત ચાલે નહીં. કર્મક્ષયજન્ય સુખાદિ અન્ય સુખપૂર્વક હોય અને મૃત્યુની બીક જીવન કે દેહનો પ્રેમ સ્મરણપૂર્વક હોય.

## મૃત્યુગ્રસ્તને આળસ શા ? તેથી...

મૃત્યુ પૂર્વે મોક્ષ આડે આવતાં તેર કાઠિયા દૂર કરો:

(૧) આળસ (૨) મોહ (૩) અવિનય (૪) અભિમાન
(૫) ક્રોધ (૬) પ્રમાદ (૭) કૃપણતા (૮) ભય (૯) શોક
(૧૦) અજ્ઞાન (૧૧) વિકથા (૧૨) કૌતુક (૧૩) વિષય.

## 'અરિહં' કોણ છે ?

જન્મ, જીવન અને મરણ - એ ત્રણેય
અવસ્થાઓ ઉપર જેઓએ વિજય પ્રાપ્ત કર્યો છે તે.

જેનો છેલ્લો શ્વાસ નવકારના ધ્યાનમાં જાય છે...

જેનું મરણ એ પંડિતમરણ બની જાય છે,
તેના ભવચક્રના ફેરાં કપાઈ જાય છે,
તેના જન્મ - મરણનો ઉચ્છેદ થઈ જાય છે,
તેથી તે આત્મા કૃતકૃત્ય બની જાય છે.

## મૃત્યુ વખતે આંતરિક શાંતિ કોણ આપે છે?

સ્વાર્થી સગાઓ અને પ્રપંચી દુનિયા ? ના. તે વખતે
ખરી શાંતિ અને સાચું બળ આપે છે અનિત્ય ભાવના.

## અરિહંત, અરહંત અને અરૂહંત -

## આ ત્રણ અર્થમાં સર્વ દેવોનું દેવપણું સમાઈ જાય છે.

અરુહંત એટલે ફરીથી જન્મ ન લેનારા એટલે જન્મ-
જરા - મરણને જીતી જનારા જેથી હોય, તેથી જ
વાસ્તવિક શરણને આપી શકે છે, માટે શરણાગતિરૂપ છે.

ભાવશત્રુઓનો, સર્વ દુઃખોનો અને
જન્મ - મરણનો નાશ કરનારા તે સત્ય દેવ છે.

આપણી ભૂલને કારણે જ જન્મ થાય છે,
ભૂલો કરતાં કરતાં જ જીવન વીતાવાય છે અને
ભૂલને કારણે જ આપણું મૃત્યુ થાય છે.

એટલે મનુષ્યનો સ્વભાવ છે ભૂલો કરવાનો અને
કર્તવ્ય છે પશ્ચાત્તાપ કરી ક્ષમા માંગવાનું.

પરવસ્તુમાં પ્રીતિ ન કરવી, કારણકે
તે જ જન્મ - મરણ અને મિથ્યાત્વનું કારણ છે,
માટે તે સર્વદા - સર્વથા ત્યાજ્ય છે.

શરીરમોહથી શરીરધારી થઈ સદા જન્મ-મરણ થાય છે.

સમ્યગ્દર્શનગુણે જન્મની પીડા ટળે, જ્ઞાનગુણે જરાની ઘડપણ પીડા ટળે અને ચારિત્રગુણે મરણની પીડા ટળે.

જગતનો અનુભવ કરનાર દેહધારી જીવ અથવા
શરીર આત્મા ખરી રીતે મૂળ જ્ઞાનરૂપ જ છે,
તે કોઈપણ રીતે ભિન્ન પદાર્થ નથી.
તે અલ્પજ્ઞ છે, પરતન્ત્ર છે, સુખી છે, દુઃખી છે,
જન્મ - મરણ પામે છે વગેરે એના સંબંધી જે
સંસારભાવના છે, તે અજ્ઞાને કરી ઉભી થયેલ છે.
મૃત્યુ કે નરક પણ સદાચારથી ડરે છે.
જન્મ - મરણની પરંપરા ટાળવા,
એ જ આ જીવનનું મુખ્ય પ્રયોજન છે.

ભૂખ, મરણ, ભીખ અને ભજન -
એ ચારે ય પોતે જ કરવા પડે, એમાં બદલી ન ચાલે.

आप्तोपसेवी भवति अरोगः । અર્થાત્ : ઉપકારીઓની સેવા કરનારો નિરોગી થાય છે. જેનાથી તમે આગળ વધો, તેને તમારા મરણના છેલ્લા શ્વાસ સુધી ભૂલશો નહિ.

આત્માને આત્મા વડે, આત્મા માટે, આત્માથી,
આત્માને વિષે જાણવો, તે કેવળ દશા વડે જ શક્ય છે.

જીવ જ્યારે જીવને જુએ, જાણે, તેનું ચિંતન કરે,
ત્યારે તે દર્શન - જ્ઞાન - ચારિત્રની વૃદ્ધિ કરે છે.
જીવ ઉપર જીવનો એ જ ઉપકાર છે.

જીવિત - મરણ, સુખ - દુઃખ, શરીર, વચન,
શ્વાસોચ્છ્વાસ, મન - એ બધા પુદ્ગલના ઉપકાર છે.
જન્મ - મરણ એ કુદરતનો વ્યવસ્થિત ક્રમ છે.

જીવન સનાતન છે, કારણ તેનો અંત નથી. જીવંત
હોય, તે પ્રત્યેક વસ્તુ સદા ય જીવિત રહેવી જોઈએ.
જેને 'મૃત્યુ' કહી શકાય, એવું કાંઈ શક્ય જ નથી.
જીવન સદા અનેક રૂપાંતરોમાં પરિવર્તિત થયાં કરે છે.
પરિવર્તનને જ આપણે
મૃત્યુનું રૂપ આપી દઈએ છીએ, કારણ
તે આપણને જીવનના અવરોધ રૂપે અનુભવાય છે.
સાચું તો એ છે કે મૃત્યુ એ નૂતનીકરણની પ્રક્રિયા છે.

દુષ્કૃતગર્હાથી મરણ, સુકૃતાનુમોદનથી જીવન તથા શરણ-
ગમનથી ભવોભવ સુધરે છે અને પરમપદ મળે છે.

'આત્મા સ્વયં પૂર્ણ છે' એવું જેણે જાણ્યું, તે જ
જાણનારો છે, તે આત્મા અને તે જ સર્વસ્વ પણ છે,
બીજા બધાં જાણનાર છતાં અજાણ છે.

વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુ - કુદરતના નિયમને લીધે
સૌને વળગ્યાં છે. ઘરના ત્યાગથી તેનો ત્યાગ થતો નથી.

કર્મોનો ક્ષય એટલે દેહનો વિલય અને આત્માનો ઉદય.
તેનો ઉપાય ત્રણનો સમન્વય:
નવકારનો જપ, આયંબિલનો તપ તથા બ્રહ્મચર્યનો ખપ.

જો દેહ બળવું હોય અને
મૃત્યુ ઉપર જીત મેળવવી હોય, તો અખંડ બ્રહ્મચર્ય પાળો.

ઉંદર છ માસમાં મરે છે, કેમકે બ્રહ્મચર્ય વહેલું તોડે છે.
હાથી 30 વર્ષ બાદ બ્રહ્મચર્ય તોડે છે, તો ૨૦૦ વર્ષ જીવે છે.
નેપોલિયન કહે છે કે જે રાત્રીએ મેં બ્રહ્મચર્ય તોડ્યું છે,
તેના બીજા દિવસની લડાઈઓમાં હું જરૂર હારી ગયો છું.

મરણનું સદા સ્મરણ રાખવું.
પાપથી મુક્ત થવાનો એ જ સૌથી સરલ ઉપાય છે.
શાશ્વત સત્ત્વ પોતાનો આત્મા છે.
તે શરીર રૂપી આવરણથી આવૃત્ત છે.
એ આવરણને મૃત્યુ જ દૂર કરી આપે છે.
તે મૃત્યુ દેહનું અગર મોહનું એમ બે પ્રકારનું હોય છે.
મોહનું મૃત્યુ એ મોક્ષ છે અને આખરે મોક્ષ પણ શું છે?
સત્ત્વની પ્રાપ્તિ તે મોક્ષ છે. સત્ત્વ એટલે આત્મા.
આત્મા એ તો સર્વમાં વિદ્યમાન હોવા છતાં સર્વ તેને પ્રાપ્ત કરી શકતાં નથી. એ પ્રાપ્ત કરવા માટે મોહનું, અજ્ઞાનનું, અસત્ત્વમાં સત્ત્વના ભ્રમનું મૃત્યુ થવું જોઈએ.
શેના દ્વારા શેનો ક્ષય અને શેની વૃદ્ધિ?
દુઃખ વડે પાપક્ષય, વૃદ્ધાવસ્થા વડે સંવેગવૃદ્ધિ,
દુશ્મન વડે ક્ષમાધર્મની વૃદ્ધિ, રોગ વડે વિરાગની વૃદ્ધિ,
મરણ વડે સર્વનો ત્યાગ અને
જન્મ વડે સ્વજનની વૃદ્ધિ થાય છે.

## આત્મા પંખી - દેહ વૃક્ષ

આપણો દેહધારી આત્મા એ પંખી છે - વટેમાર્ગુ છે.
પરંતુ પહેલાં યાદ રાખવું કે : દેહ વૃક્ષ છે - ઝાડ છે.
આ દેહરૂપી વૃક્ષની નીચે વટેમાર્ગુ થાક ખાવા બેઠો છે.
તે પંખી ઝાડને જ પોતાનું માને, તે કેમ ચાલે?

અનાદિકાળથી જન્મ - મરણ કરતાં
આ લોકમાં કોઈ જગ્યા બાકી ખાલી રહી નથી.
આહારાદિ ભરપૂર કર્યા છતાં તૃપ્તિ થઈ નહીં.
એક સંતોષને છોડી બીજે ક્યાંય સુખ નથી.
જિનેશ્વરોનું નામસ્મરણ કરનાર સમાધિ મરણ પામે.

અશાંતિ અગર ચિત્તની ચંચળતા ત્યાં સુધી રહે છે કે
જ્યાં સુધી ચિત્તમાં જન્મ - મૃત્યુમય જગતના
અનંત - અનિત્ય દૃશ્યો ભર્યાં રહે છે. જ્યારે ચિત્ત
ભગવાનના ચિંતનમાં મળી જાય, ત્યારે નિત્ય શાંતિમય
એવા ભગવાનનું તે નિવાસસ્થાન જ બની જાય છે.
અધ્યાત્મરુચિ જીવને ઉદાર - સંતોષી - ત્યાગી બનાવે છે.

મૃત્યુ પછી જીવનની અખંડતા સહિત
unity and quaility of life.

એક મિનિટમાં સ્વસ્થકારી શરીરના ધબકારા ૭૨ છે.
માનવશરીર પોતાની આંગુલથી ૯૬ પ્રમાણ છે,
એટલે કુંડલિની ૪૮ આંગુલ ઉપર રહેલી છે.
એને વાગેશ્વરી કે વાક્શક્તિ પણ કહે છે.
વૈદિક ગ્રંથમાં તેને 'વાગ્દેવી' કહી છે અને
ઈશ્વર કે પિતાને 'શાર્વસ્થ' કહ્યા
ઈશ્વરના નિવાસને 'સમુદ્ર' કહેલ છે.
સુષુમ્ણાના મધ્યમાં વજ્ર અને ચિત્રિણી નાડીઓ રહે છે.
ચિત્રિણી નાડીમાં ષટ્ચક્ર છે, તેનો વેધ કરવાનો હોય છે.
તો જ શિવ અને શક્તિનો યોગ થાય છે અને
તે પછી જ જન્મ - મરણના ચક્રનો અંત આવે છે.
શરીર એ સંકટ છે, સંકડામણ - ફસામણ છે, શરીર એ
જીવન-મરણના સ્થાનરૂપ છે. શરીરધારણ એ જીવનું
જીવન અને શરીરવિયોગ એ જીવનું મરણ છે.

જ્યાં બંધ છે, ત્યાં સંસાર. કર્મબંધ નહિ, ત્યાં મોક્ષ.
સંસાર જ અનંત જન્મ - મરણનું કારણ છે.
મોક્ષમાં જન્મ-મરણ નહિ, તેથી અનંત સુખનું કારણ છે.
કર્મબંધ અને મોક્ષનું કારણ કોણ? મન.

ચારિત્ર્યનું ઘડતર કરવાનો ઉપાય

સર્વ પ્રત્યે સમાન પ્રેમ ધારણ કરવો, તે છે.
ઈશ્વર જ પ્રેમ છે, સત્ય છે, પ્રકાશ છે, જીવન છે તથા
એ જ પરમ કલ્યાણ છે. અંધકાર વચ્ચે પ્રકાશ જેમ
વિજય મેળવે છે, એ પ્રકાશ જે છે, તે જ ઈશ્વર છે.
મૃત્યુની વચ્ચે જીવન ટકી રહે છે અને
ઈશ્વર થકી જ અસત્ય વચ્ચે સત્યનો જય થાય છે.
ૐ ૐ શિવ: શિવ: । આજનું આજ અને કાલનું કાલ.
'આજે સાંજે આપણે મરી જવાના છીએ'
એવું માનીને આજનું આજ અને કાલનું કાલ.
પાપનો પથારો વિસ્તારવો, તે દુર્ગતિ માટે તથા
પાપનો પથારો સંકેલવો, તે સદ્ગતિ માટે થાય છે.

## મૃત્યુ એ ગુરુ - કઈ રીતે?

ગુરુ દ્વારા જ ઈશ્વરી પ્રેરણા અને પથપ્રદર્શન પ્રાપ્ત થાય.
એક જીવન પૂરું કરી બીજું જીવન શરૂ કરી આપે તે
અથવા લાભ આપે અને અલાભ કાપે, તે સાચા ગુરુ.
એવો જ ગુરુ મૃત્યુ પણ છે.

## ભાવમરણ એટલે શું ?

જ્યાં સુધી કામનાઓ છે, ત્યાં સુધી બુદ્ધિ મન તરફ, મન ઇંદ્રિયો તરફ, ઇંદ્રિયો વિષયો પ્રતિ ગતિશીલ રહે છે.
તે વાસ્તવમાં આત્માનું મૃત્યુ જ છે (ભાવમરણ).
કારણ એવા સત્ની જિજ્ઞાસા જ એનો પ્રતિકાર છે.
તે જિજ્ઞાસા કામનાઓને ખાઈ જાય છે અને
સત્ની સાથે નિત્ય યોગ કરાવે છે.
અંતકાળે વાત, પિત્ત અને કફથી ત્રિદોષ થાય છે.
'મૃત્યુની વેદના ભયંકર છે' તેવા વિચારથી પાપ ન થાય.
પાપના સંસ્કારો જલ્દી છૂટતાં નથી, માટે વારંવાર
જન્મ - મૃત્યુ - જરા - વ્યાધિ - વેદનાનો વિચાર કરો.

કોઈ મહાત્મા જ્ઞાનના ભારથી તૂટી ગયો હોય એવું જાણ્યું નથી.
જ્યારે આવતી કાલનો ભાર આજમાં ઉમેરાય છે,
ત્યારે જ માનવી સહી શકે, તે કરતાં યે બોજો વધી જાય છે.
જ્ઞાનનો માનવી તો 'હું કરું - મેં કર્યું' એવા ગર્વથી
અહંભાવી થઈ પાપ-પુણ્યની વાતોને મશ્કરીરૂપ માને છે.
'આત્મામાં પરમાત્માનો અંશ છે' એ સત્યનો અનાદર કરી,
આત્માની મુક્તિ માટે ધર્મનો માર્ગ લેવાને બદલે જ્ઞાનનો
માનવી તો આત્માનું જ ખૂન કરવા પ્રવૃત્ત થાય છે.
શ્રી આચારાંગ સૂત્ર ૨૫૪ તથા સૂત્ર ૨૭૦માં કહ્યું છે કે:

'જેને તું હણવા માંગે છે, તે તું જ છે.
જેને તું પરિતાપ ઉપજાવવા માંગે છે, તે પણ તું જ છે.
જેને તું મારી નાંખવા માંગે છે, તે પણ તું જ છે.
આમ જાણી સમજુ મહાત્મા કોઈને હણતો કે હણાવતો નથી.'
'મુક્ત પુરુષ જન્મ-મરણના માર્ગને ઓળંગી જાય છે.
વાણી ત્યાંથી પાછી ફરે છે, તર્ક ત્યાં પહોંચતો નથી, બુદ્ધિ
ત્યાં પેસી શકતી નથી અને તે મનુષ્ય ઓજસ્વી થાય છે.'

મૃત્યુ આવે તે પહેલાં જીવનમાં
અનાસક્ત વિચાર, અનાસક્ત વાણી અને
અનાસક્ત વર્તન - એ ધર્મ પામ્યાંના અંતિમ લક્ષણો છે.
'પાપ નહીં' શબ્દ કહે, તે રાજાધિરાજ છે.
મૃત્યુ પછી આવા જીવની ઉત્તમ ગતિ થાય છે.
દુઃખભરી દુનિયામાં દુઃખ ન ઉમેરી પણ સુખ વધારી.
સમગ્ર લોક વિષાદથી ભરેલો છે - ઉદાસ અને ઉદ્વિગ્ન છે.
માત્ર પરમાત્માની નજીક પહોંચેલાં જ પ્રસન્ન છે.
સારું જોવાની આદત જ સદૈવ પ્રસન્નતા અર્પશે.
આ નાનું શરીર અજાયબ ઘર છે. મોટાંમોટાં કારખાનાઓમાં
પણ રોટલા કે ભાતનું લોહી - માંસ બનાવવાની તાકાત નથી.
જેટલા ઊંચે ચઢવું હોય, તેટલા હલકા બનવું જ જોઈએ,
તે માટે ઉદાસીનતાનો બોજ નીચે મૂકી દેવો જોઈએ.
વિશ્વ ઉપર ખરેખર સામ્રાજ્ય જો વસ્તુનું છે:
એમનો ન્યાય અટલ છે અને પ્રભુનો પ્રેમ અચૂક છે.
પછી શા માટે ખરાબ કરવું?

મૃત્યુદેવના આગમન પહેલાં યાદ રાખવું કે:
આપણો જીવ એ તો દુષ્ટ પ્રકૃતિ ભિખારી છે.
એની કાયા એ ભીખ માંગવાનું રામપાત્ર – ઠીકરું છે,
એમાં વિષયોરૂપી એંઠવાડ માંગીને ખાય છે.
સંસારશેરીઓમાં રહેલા વિષયોરૂપી એંઠવાડના ભિખારીને
જિનશાસનરૂપી મહેલમાં પ્રવેશ મળવો અતિ દુર્લભ છે.
જે એમ માની જીવશે કે: 'આજની રાત મારી
અંતિમ રાત છે' તે ભવ સાર્થક જીવવાલાયક બનશે.

શરીરની પ્રત્યેક ક્રિયા અને સ્થિતિમાં
એ યાદ રાખવું કે: 'હું શરીર નથી'
આ સ્મરણ જ ચેતનાને શરીરથી ક્રમશઃ મુક્ત કરે છે.
વિચારના સતત પ્રવાહમાં
'હું વિચાર નથી' તથા ભાવોના સૂક્ષ્મ તરંગો વચ્ચે
'હું ભાવ નથી' એમ પણ જરૂર યાદ રાખવું.
આ સ્થિતિએ જીવન પોતા માટે નહીં, સૌ માટે બની જાય
તથા વ્યક્તિ સ્વયંને જાણીને સ્વથી મુક્ત બની જાય છે.

જો દેહની ક્રિયાઓ પ્રતિ સમ્યક્ નિરીક્ષણ થતું જ રહે,
તો તુરંત જ શરીરશૂન્યતા આવે.

ભૂખ લાગે, પીડા-સુખ-દુઃખ આવે, ત્યારે તટસ્થ બની દેખો.
ફિલ્મ કે નાટક જુઓ, ત્યારે તેના પાત્રોના સુખ-દુઃખ જોઈ
હસો-રડો છો પણ 'એ પાત્ર તમે નહિ' એમ ચોક્કસપણે
જાણો છો, તમે તેના સાથે તદાકારતા નહિ જ અનુભવતાં.
નિદ્રા કે સ્વપ્નાવસ્થામાં દેહનું સ્મરણ રહેતું નહિ, તેમ
જાગતાં હો, ત્યારે થતી પ્રત્યેક ક્રિયામાં દેહને જુદો ગણો,
તો દેહનું તાદાત્મ્ય તૂટશે. દિવસમાં એક બે વખત શરીરને
શિથિલ છોડી, શવાસન કરી યા મૃત્યુનો વિચાર કરી.
મૃત્યુ પાછળ થનારી ક્રિયાઓનું ધ્યાન કરવાથી
શરીર સાથેનો તાદાત્મ્ય ભાવ જરૂર છૂટી જશે.
જેમ શરીરશૂન્યતા એટલે દેહની ક્રિયાઓ સાથેનો તાદાત્મ્ય
ભાવ છૂટી તેના નિરીક્ષક થવું, તેમ વિચારશૂન્યતા એટલે
અંદર ચાલતાં વિચારોનું તટસ્થભાવે સમ્યક્ નિરીક્ષણ;
જોશો કે સમસ્યાઓ અથવા વિચારો તે તમે પોતે નહિ.

મૃત્યુ પહેલાંની સમાધિ એ અંતિમ ઊંડાણ છે.

ધર્મ એ સંસાર કે પરિવારનો વિરોધ નહિ,
કિન્તુ મનઃસ્થિતિના પરિવર્તનનો વિષય છે.
જગ બદલવાની જરૂર નહિ, પોતાને બદલવાની જરૂર છે.
પ્રતિકૂળ પરિસ્થિતિમાં જો માનસિક શાંતિ જળવાઈ રહે,
તો જરૂર જાણવું કે મૃત્યુ માટે તમે હવે તૈયાર જ છો.

મરણ પૂર્વે થતી આધ્યાત્મ ક્રિયા એટલે...
આત્માને ઉદ્દેશીને જે વિશુદ્ધ ને વિવેકવાળી ક્રિયા.
આત્મા ઉપરથી પ્રકૃતિનો અથવા મોહનો
અધિકાર ચાલ્યો ગયો હોય, ત્યારે તે ક્રિયા આવે છે.
માત્ર કપડાં બદલવા એ નહીં, હૃદય બદલવું એ સંન્યાસ છે.
વૃત્તિઓને શુદ્ધ કરો, શૂન્ય કરો તો સંસાર મટી જશે.
દરેક માનવમાં દૈવતત્ત્વ તો રહેલું છે, પરંતુ ગુરુના
માર્ગદર્શન વિના આ દૈવતત્ત્વને બહાર લાવવું કે તેનો
વિકાસ કરવો મુશ્કેલ છે. ગુરુને શરણે થવું, એ ઈશ્વર
પાસે પહોંચવાનો સૌથી સરળમાં સરળ માર્ગ છે.

મૃત્યુ પહેલાં અપુનર્બંધક જીવની નિશાની શું?

અપુનર્બંધક જીવ તીવ્ર ભાવે પાપ ન કરે,
ઘોર સંસારે બહુમાન ન કરે, ઉચિત સ્થિતિનું સેવન કરે.
ઉચિત વર્તન એ અપૂર્વકરણ અને ક્ષપકશ્રેણીનું બીજ છે.
મિથ્યાત્વ મંદ પડીને મોક્ષના રાજમાર્ગ ઉપર ચાલવાને
લાયક બન્યો હોય, તે જ આત્મા ઉચિત વર્તાવ કરી શકે.
મૃત્યુ વખતે ભગવાનનું નામ જ ઉગારી શકાય છે,
તેથી તેને જીવનભરનું મુખ્ય કર્તવ્ય સમજવું જોઈએ.
મૃત્યુ પહેલાં ભગવાનનું નામ શ્વાસોશ્વાસે લઈ શકાય.
મોત જો ગમે ત્યાં - ત્યારે આવતું હોય, તો તે સમયની
મલિનતા ધોવાનો ઉપાય પણ ગમે ત્યાં, ગમે તે સંયોગોમાં,
ગમે તે પરિસ્થિતિમાં આચરી શકાય, એવો હોવો જોઈએ.

મનુષ્યનો ભવ ઉત્તમ છે, તેથી મૃત્યુ પહેલાં
આપણને એમ લાગવું જોઈએ કે જીવનના કોઈપણ
અનુભવ કે પરિસ્થિતિ કરતાં આપણે મહાન છીએ,
સંજોગો કરતાં આપણે વધારે શક્તિશાળી છીએ.

## મોક્ષ માટેનો ટૂંકામાં ટૂંકો માર્ગ

અરિહંતાદિ સૌનું શરણ લેવું,
સિદ્ધાદિ પાંચ પરમેષ્ઠિઓનું ચિન્તવન કરવું અને
મહાત્માઓના ગુણોનું આત્મામાં આરોપણ કરવું.

## મનુષ્યના આયુષ્યબંધના હેતુઓ

આરંભ - સમારંભ અટકાવવા દયા - દાનનું આચરણ કરો.
ધનની મૂર્છા ટટાવવા ઇંદ્રિયદમન ઉપાય કરો.
વિષયાકર્ષણ ઘટાડવા કુમારશીલ પાળો અને
ક્રોધાદિ કષાયના પ્રભાવને જયવા સમતા આચરો.
પૃથ્વી પર મનુષ્ય સંખ્યાની અલ્પતાનું મુખ્ય કારણ છે
દુષ્કૃતની બહુલતા, માટે જ રોજે અરિહંતને ધ્યાવો.
મરતાં પહેલાં મુક્તિ મળે તો જ મર્યા બાદ મુક્તિ મળે.

## મરણ પૂર્વે દુઃખ નિવારવાનો ઉપાય

પોતે કાંઈ જ નથી. જે છે, તે 'તે' જ છે.

## મરણ પૂર્વે સુખાનંદ - નિમગ્નતા મેળવવાનો ઉપાય

'પોતે સર્વત્ર - સર્વ રૂપ છે' તેમ વિચારવું તે.

બ્રહ્મ પૂર્ણ સત્તામાં રહેલાં કર્મોને

શુભની અનુમોદના વડે ઉદ્વર્તના કે સ્થિતિરસમાં વૃદ્ધિ
તથા અશુભની નિંદા વડે અપવર્તના કે સ્થિતિરસમાં ઘટાડો
અને અશુભનું શુભમાં સંક્રમણ વગેરે કરી શકાય છે.

કાયા - કાશી, મન - મથુરા અને દિલ - દ્વારિકા;
ત્રણે તીર્થ એક જ પિંડમાં છે.

પિંડના બ્રહ્મ પરત્વે 'ઈશ્વરની હાજરી મારામાં છે' એવા વિચારોથી સમગ્ર ચેતનાને છલકાવી દો અને 'મારામાં રહેલો ઈશ્વર વિશ્વની કોઈપણ વસ્તુ કરતાં વધુ મહાન છે. હું અને પરમેશ્વર છેવટે તો એકરૂપ જ છીએ, ઈશ્વર સદા મારી સાથે જ છે' એમ સતત વિચારો.

જે શબ્દબ્રહ્મને બરાબર પિછાને,
તે પરબ્રહ્મ તરફ પગલાં માંડ્યા વિના ન રહે.

મૃત્યુને સંહારતું તેજ એ ચેતનતત્ત્વનું તેજ છે.

પંડિત બે પોથાં - પુરાણ વાંચતાં રહ્યાં અને
મૃત્યુનો કોળિયો બની ગયાં, તો શું વળ્યું એ વિદ્વત્તાથી?

આખું જગત સ્મશાન રૂપ હોવાથી અને શિવ જગતના પ્રત્યેક પદાર્થમાં રહેલાં હોવાથી વ્યાપક બ્રહ્મરૂપ છે.

હૃદયવાળા કે પ્રેમવાળાનો સંગ કરો, તો નિરોગી રહેશો.

જેને પહેલું તમે જીવનનું ઉદાત્ત ધ્યેય સમજતાં હો, તેને જીવન સમર્પી દેવું. ઉકરડા ઉપર તમને ફેંકી દેવામાં આવે, તે પહેલાં તમારી જાતને પૂરેપૂરી ઘસી નાંખવી.

વિષય અને સ્વાર્થનાં પૂતળાં બનીને પોતાના દુઃખનાં રોદણાં રડો તથા 'તમારા સુખને માટે દુનિયા કશું યે કરતી નથી' એવી ફરિયાદ કરો, તેના કરતાં પ્રકૃતિનું એક બળ બનીને જીવવું, એ જ જીવનનો સાચામાં સાચો આનંદ છે, ઊંચામાં ઊંચું ધ્યેય બને છે.

o

There is no reality in the sense of death and birth. The only death there can be, is the death of the beliefs of limitations.

મૃત્યુ બાદ પરમપદ પામે, તેનું નામ 'ધર્મ.'

સદાચાર, સદ્વિચાર અને સદ્વર્તનથી જે મનુષ્ય વ્યવહારમાં અભ્યુદય મેળવે અને દુર્લભ મનુષ્યદેહમાં જેના સતત પાલન દ્વારા ચિત્તની શાંતિ, સંતોષ અને સુખ અનુભવી મૃત્યુ બાદ પરમપદ પામે, તેનું નામ 'ધર્મ.'

કાળથી મુક્ત થવું - એ સ્વધર્મ થવામાં રહેલું છે.

સ્વધર્મનું વિસ્મરણ (પ્રમાદ) એ મરણ છે અને

સ્વધર્મનું અવિસ્મરણ (અપ્રમાદ) એ અમૃત છે.

સ્વધર્મના પાલન વડે જ સમાજની સેવા થઈ શકે છે.

સાધકનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે.

મોક્ષ વડે જ જન્મ-મરણના ફેરામાંથી છૂટકારો થાય અને પ્રાંતે આપણા આત્માને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

આપણા જીવન દરમ્યાન અને મૃત્યુ પછીનાં

આંતરજીવનની સાધના એ કપરું ચઢાણ છે.

અહંકારના શિખર ઉપર થઈ એ યાત્રા પ્રભુધામ ભણી ચાલે છે, એ માર્ગમાં પ્રભુની કૃપા એ જ પરમ વરદાન છે.

મૃત શરીરને જોતી વેળાએ...

સ્મશાનમાં રહેલા દરેક અશુચિ પદાર્થો -

પ્રેતાદિનો વિચાર કરીને મૃત એવા શરીરની

ભિન્ન ભિન્ન અવસ્થાઓ ઉપર ચિંતન - મનન કરવા.

ભવનિર્વેદ એ ભગવદ્બહુમાન સ્વરૂપ છે.

અરિહંત પક્ષપાત અને ભવનિર્વેદ એક જ પદાર્થ છે,

કેમકે અરિહંત પ્રભુ ભવથી પર છે.

'ભવનિર્વેદ' એટલે સંસાર પ્રત્યે ઉદ્વેગ.

'સંસાર' એટલે શરીર, સંપત્તિ, ઇષ્ટજનસંયોગ આદિ.

એ બધા જો વિનશ્વર છે, તો પછી એને આધીન સુખ

કાયમ કેમ રહે? આ ચિંતાનું નામ જ 'ભવનિર્વેદ' છે.

ભાવાર્થ કે શરીરની ભિતર રોગ - જરા - મૃત્યુ રહેલાં છે.

સંપત્તિ એ આપત્તિઓનું કારણ બને છે.

ઇષ્ટસમાગમ એ વિયોગમાં પરિવર્તિત થાય છે.

સંસારમાં સુખનાં બધાં સાધનો અનાદિ - અનંત નથી,

પરન્તુ ઉત્પાદ - વિનાશવાળા છે.

## મરણ પૂર્વે પ્રાયશ્ચિત્તનો મહિમા

મૃત્યુ પહેલાં ગુરુ સમીપે સર્વ શલ્યને ઉદ્ધરવા, કેમકે શસ્ત્ર, વિષ, દુષ્પ્રયુક્ત, વેતાલ, યંત્ર, સર્પ કે શત્રુ - તેટલાં અનર્થને કરતાં નથી, કે જે અનર્થને મરણકાળના અંતિમ અવસરકાળે અનુદ્ધૃત શલ્ય કરે છે. ભવવૃક્ષનાં મૂળરૂપ આ શલ્યો દુર્લભબોધિતા અને અનંત સંસારીપણું આપે છે, માટે તેમને ગારવરહિત થઈને ઉદ્ધરવાં જોઈએ. જ્યાં સુધી ગુરુ પાસે આલોચના ન થાય, ત્યાં સુધી દુશ્ચરિતો દૃઢ અધૃતિને કરે છે. સાતિચાર મરણના ભયવાળાઓ જે રીતે દુષ્કૃત્ય થયું હોય, તેમ જ રીતે તે દુષ્કૃત્યોની આલોચના કરવી. જે ભવમાં દુષ્કૃત થયું, તેમાં અધિક સંવેગ દ્વારા તેની પાક્ષિકાદિ આલોચના કરવી પણ આવશ્યક છે, કારણકે પ્રાયશ્ચિત્તથી જ સર્વ જીવોની શુદ્ધિ થાય છે. પ્રાયશ્ચિત્ત પાપને છેદી ચિત્તને શુદ્ધ કરે, તેથી અલ્પભવ, ભવઆરોગ્ય, પરલોકમાં નર - સુર - શિવસુખ મળે છે.

ચોવીસ કલાકમાં એક કામ એવું અવશ્ય કરો કે
જેના બદલામાં કાંઈ પણ જોઈતું ન હોય!

જીવન ૪ દિવસનું છે, તો પછી તેને કરુણાથી શા માટે
છલકાવા દેવું જોઈએ નહીં? દુનિયા દુઃખથી ભરી છે, તેમાં
દુઃખનો ઉમેરો ન કરવો પણ બીજાનું સુખ વધારો.
સમગ્ર લોક વિષાદથી ભર્યો છે, ઉદાસ - ઉદ્વિગ્ન છે પણ
પરમાત્માની નજીક પહોંચેલો સદા પ્રસન્ન છે.
સારું જ જોવાની આદત હશે તો સદૈવ પ્રસન્નતા સાંપડશે.

## મરણ વખતે પ્રભુનું સ્મરણ

'આત્મા દેહાતીત છે' એવો વિશ્વાસ કેળવે છે.
તે માટે પ્રાર્થના પણ કરવી જોઈએ કે : હે પ્રભો!
મારા જીવનની પ્રત્યેક પર્યાયમાં આપનું જ એક શરણ હો.
સંસારના સર્વ જીવોને પણ આપનું જ શરણ પ્રાપ્ત થાઓ.
જો મારું મન આપના ચરણોમાં છે, તો કોઈ ચિન્તા નથી.
આપને શરણે રહેલું મારું મન મૃત્યુને પણ મહોત્સવ બનાવશે.
હે ભગવન્! મારા ચિત્તમાં સદા આપનું જ એક ધ્યાન રહો.

મનુષ્ય દેહમાં ત્રણે નાડી તથા ત્રિવેણી રહેલું છે.
ઈડા નાડી - ભાગીરથી, પીંગળા નાડી - યમુના (સૂર્યપુત્ર),
સુષુમ્ણા નાડી - સરસ્વતી (બંને નાડીની મધ્યમાં).
પ્રયાગ - એ ત્રણે નાડીનો સંગમ થાય છે, તે ત્રિવેણી.
એ ત્રણેનું ઉત્પત્તિ સ્થાન મૂલાધાર છે,
ત્યાંથી નીકળીને ત્રણેનો સંગમ આજ્ઞાચક્રમાં થાય છે.
ઈડા-પીંગળા બહાર વહે છે, જ્યારે સુષુમ્ણાનાડી ગુપ્તપણે
સહસ્રારમાં સમાય છે. ત્રણેનો સંગમ તે ત્રિવેણીસંગમ છે.
ત્યાં સ્નાન કરવું એટલે મન તથા પ્રાણને ત્યાં પહોંચાડવા.
તે જીવને ત્યાં પહોંચાડનાર દિવ્ય લોકના અધિકારી થાય
અને ત્યાં પ્રભુ ત્યાગ કરનાર જીવ મોક્ષને પામે છે.
આમ દેહમાં રહેલાં પ્રયાગ તીર્થનું મળવું અતિ દુર્લભ છે.
વિશ્વના ઉત્પત્તિ - સ્થિતિ અને લયના અનુભવ વગર
અલગ નિર્વિકારતા જોવા - જાણવા અને માણવા, તેને
જ બ્રહ્મસ્થિતિ અથવા તો બ્રહ્મનિર્વાણ કહે છે. જીવ
પોતે બ્રહ્મ ન હોય, તો બ્રહ્મમાં નિર્વાણ કેવી રીતે પામે?

મૃત્યુ પહેલાં ઉગાડીએ ધર્મરૂપી ફૂલ જીવનબાગે...

'ઝાડને ફૂલ બેસે પછી વળી
ફૂલને બીજું શું ફૂલ બેસવાનું હતું ?'

તે રીતિએ દેહરૂપી વૃક્ષને નિષ્કામ કર્મરૂપી ફૂલ બેસે,
અથવા સ્વધર્માચરણ રૂપી ફૂલ બેસે, તે જ બસ છે.
એ પછી વળી બીજા કયા ફૂલોની અપેક્ષા રાખવી?

'તત્ત્વમસિ ।' દેહ તે તું નહિ, તું આત્મા છે.
'તું ઝાડ નહિ, તું ફૂલ છે.' આ ઘણો ઉદાત્ત વિચાર છે.
'આ દેહ હું નહિ, તે પરમાત્મા હું છું.'
આ વિચાર જે ક્ષણે અંતઃકરણમાં સ્ફુરે છે,
તે ક્ષણે મનમાં એક અનુભૂત આનંદ પેદા થાય છે.
વિચાર બહારથી અંદર - જ્ઞાન અંદરથી બહાર આવે છે.
જ્ઞાન તો પોતાનું જ સ્વરૂપ છે,
ફક્ત તે મેળવવા માટે વિચારોના જગતથી શૂન્ય થવાનું છે.
જો મનમાં આવતાં સર્વ વિચારોનું તટસ્થ નિરીક્ષણ થાય,
તો જ મૃત્યુ પહેલાં મનને વિચારશૂન્ય બનાવી શકાય.

## 3 નવકારમાં બીજો નવકાર કાળને જીતવા

કાયશુદ્ધિ માટે પ્રથમ નવકાર કુદરતને અનુકૂળ કરવા,
વચનશુદ્ધિ માટે બીજો નવકાર કાળને જીતવા અને
મનશુદ્ધિ માટે ત્રીજો નવકાર કર્મને ખપાવવા ગણવો.
આમ કુદરત, કાળ તથા કર્મને યાદ કરી 3 નવકાર ગણવા.

'હું પુણ્યપાપનો કર્તા, સુખ-દુઃખનો ભોક્તા અને
તેના ફળસ્વરૂપ જન્મ-મરણનો ધર્તા એવો સંસારી છું'
આમ વિચારવું તે આવરણનું સ્વરૂપ છે.

'હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વરૂપ છું.'
તે ભાન અંતઃકરણમાં થવા અંતઃકરણ શુદ્ધ થવું જોઈએ.
તે માટે મૃત્યુ પહેલાં કર્મ અને ઉપાસના આવશ્યક છે.
અંશથી જીવનું કર્મોથી પૃથક્ થવું, તે 'નિર્જરા' અને
જીવનું સર્વથી પૃથક્ થવું, તે 'મોક્ષ' કહેવાય છે.

## શોકાંત અને સુખાંત

'જગતમાં હું રહું' એવું માનવાવાળા મરી ગયાં અને
'જગતમાંથી હું ભૂંસાઈ જાઉં' માનનારા અમર થઈ ગયાં.

દેહ અવિચારી છે, આત્મા વિચારશીલ છે.

ધાર્મિકતા એ મસ્તુભવ નથી પણ જીવનાનુભવ છે.

ચિત્ત શૂન્ય, શાંત અને નિર્વિકાર થાય,
ત્યારે જ તત્ત્વનું દર્શન થાય છે.

મનુષ્યને ભાસ થાય છે કે શક્તિ હાથમાં, પગમાં, આંખ કે કાનમાં છે પણ તે સાચું નથી. આ બધું ક્યાં સુધી લાગે છે?
આત્મશક્તિનું ભાન નથી થતું ત્યાં સુધી.

આંખ-કાન કાપીને જૂદા પાડીએ પછી તેમાં શી શક્તિ છે?
જેની સાથે તે વળગીને રહેલ છે,
તેની જ શક્તિથી તે શક્તિવાળા છે.
એ શક્તિ દેહની નથી પણ આત્માની છે.

महावाक्यमनुचिन्तयेत् ॥७०॥ ततो शास्त्रमनुक्तिः ॥७१॥
ઉપનિષદના ૪ મહાવાક્યો : प्रज्ञानं ब्रह्म ।
अहं ब्रह्मास्मि । तत् त्वम् असि । अयमात्म ब्रह्म ।
આ દેહમાં રહેલા ચૈતન્ય અને વિરાટ ચૈતન્યની વચ્ચે સંબંધ જોડવાનું કામ મહાવાક્યોના ચિન્તનથી થાય છે.

## જન્મ-મરણનું ચક્ર શાથી?

અવિદ્યાથી આત્માના સ્વરૂપનું અજ્ઞાન,
અભિનિવેશ વડે એકાગ્રતા, અસ્મિતાથી દેહભાવ-મમત્વાદિ,
રાગાદિ આસક્તિ, દ્વેષાદિ વેર તથા
વેરાદિ જન્મ-મરણનું ચક્ર ચાલ્યાં જ કરે છે.
મૃત્યુ પૂર્વેની છેલ્લી ઘડી સુધારવા પ્રભુનામના જાપ.
કર્મનો નિયમ ભલે અટલ છે,
તેમાં પણ પરિવર્તન થવાનો અનુભવ નામજપમાં થાય છે.
કર્મનો નિયમ ન્યાયાધીશ છે, ધર્મનો નિયમ રાષ્ટ્રપતિ છે.
ન્યાય ઉપરાંત દયા માટે રાષ્ટ્રપતિની જરૂર પડે છે.
જરૂર જણાય, ત્યારે ફાંસીની સજા ઘટાડીને
જન્મટીપની સજા રાષ્ટ્રપતિ કરી શકે છે, પરંતુ
નામમાં તો એવી શક્તિ છે કે રજેરજ પાપ ધોઈ નાંખે છે!
નામસ્મરણાદિ પાછલાં કુકર્મો તદ્દન સાફ થાય છે તથા
એ જ માનવી સાવ નવો નક્કોર બની જાય છે
અને તેનો મૃત્યુ પછીનો ભાવિ જન્મ સુધરે છે.

નવકારમંત્રથી મૃત્યુ પછી પણ થાય જિનધર્મની પ્રાપ્તિ.

નવકાર મહામંત્રની વિધિપૂર્વક અને શ્રદ્ધાભાવનાસહિત આરાધના કરવાથી અંતરાયાદિ દુષ્ટ કર્મોનો ક્ષય થાય છે, ધર્મમંગલ તથા દાન-દયાદિના પરિણામની વૃદ્ધિ થાય છે.

વળી તેનાથી બુદ્ધિ નિર્મળ થાય છે તથા જીવ સમાધિ મરણ અને બોધિલાભનો અધિકારી થાય છે.

જન્મની સાથે મરણ જોડાયેલું છે.

નવકારમંત્રની આરાધના મરણને સુધારે છે તથા મરણ પછી નવા જન્મે ય જિનધર્મની પ્રાપ્તિ થાય છે.

સદ્ગતિ મેળવવા માટે મૃત્યુ અનિવાર્ય છે અને તે સૌ વસ્તુનો એક દિવસ ગ્રાસ કરશે, એ નિશ્ચિત છે.

નચિકેતારૂપી મનુષ્ય યમ રૂપી મૃત્યુના મુખેથી જ પરલોકનું અસ્તિત્વ માનતાં શીખ્યો છે.

મૃત્યુનો અનુભવ કર્યા વિના યોગી, વિવેકી કે પ્રેમી બની શકાતું નથી. આ અપેક્ષાએ તે અહીં બનવાને માટે જીવનમાં મૃત્યુનો અનુભવ કરવો જોઈએ.

## જીવ ક્યાંથી નીકળે - કઈ ગતિમાં પ્રાયઃ જાય?

(૧) મૃત્યુ વેળા આત્મપ્રદેશો પગથી નીકળે, તે નરકમાં જાય.
(૨) જો સાથળથી નીકળે, તો જીવ તિર્યંચગતિમાં જાય.
(૩) જો હૃદયથી નીકળે, તો જીવ મનુષ્યગતિમાં જાય.
(૪) જો મસ્તકથી નીકળે, તો જીવ દેવગતિમાં જાય.
(૫) જો સર્વાંગેથી નીકળે, તો જીવ મોક્ષગતિમાં જાય.

## જન્મ - મરણ રૂપ અસંખ્ય દુઃખ શાથી?

ઈચ્છાપૂર્તિના અસામર્થ્યથી થતાં મોહથી તથા મન - વચન - કાયાની ચેષ્ટાઓ વગેરેથી કર્મબંધ થાય તથા જન્મ - મરણાદિ અસંખ્ય દુઃખોની પરંપરા સર્જાય. સુખ - દુઃખની સ્મૃતિથી રાગ-દ્વેષ, રાગ-દ્વેષથી પ્રવૃત્તિ અને વૃત્તિથી જન્મ - મરણ આદિના દુઃખો થાય છે.

સ્મૃતિસંસ્કારની જેમ કર્મસંસ્કારથી

જાતિ, આયુષ્ય અને ભોગરૂપ વિપાક પેદા થાય છે, તેથી જન્મ - મરણરૂપ અસંખ્ય દુઃખો અનુભવવા પડે છે. કાળની કલ્પના માયામાં છે, બ્રહ્મ તો શુદ્ધ - માયાતીત છે.

પ્રત્યેક વસ્તુ ઉપર મૃત્યુની છાયા છે.
કીર્તિ, વિત્ત, પ્રેમ - એ સર્વે અશાશ્વત કોડિયાં છે.
માત્ર આત્મસૌંદર્ય શાશ્વત છે, તેથી
વાસ્તુદૃષ્ટિ ફક્ત મૂળભૂત ધ્રુવતત્ત્વને જ જુએ છે.
જ્યાં પોતે છે, ત્યાં બો સર્વ છે,
તો પછી જ્યાં મૃત્યુ હોય, ત્યાં અમૃત પ્રગટે છે.
શરીરમાં રહેલ મર્ત્યને ભૂલી - અમૃતને પિછાનો.
એ પિછાન સમાન મૂલ્યવાન બીજું કોઈ નથી.
એ પિછાન જ પોતાની અંદર રહેલ પશુત્વનું મૃત્યુ કરીને
અંદર રહેલાં પરમાત્માને જન્મ આપે છે.
જીવન તે છે, જે જાગીને જુએ છે કે પોતે તો
જ્યોતિનું સ્વરૂપ છે અને તેથી અજર - અમર છે.
મુક્તિનું તાત્પર્ય છે: પોતાપણું મટી જવું.
'મુક્તિ' એટલે અહંકારશૂન્ય થઈ પોતાને ભૂલી જવું,
'ત્રિકર્મકૃત્ તરતિ જન્મમૃત્યૂ ।' દમ - દાન - દયાત્મક
ત્રિવિધ કર્મ કરનારો જન્મ - મૃત્યુ બંનેને તરી જાય છે.

મુક્તિના બે પ્રકાર: અંતિમ મુક્તિ અને ક્રમિક મુક્તિ.

'મુક્તિ' એટલે મૃત્યુનું મૃત્યુ યાને જીવનનું મરણ નહીં.

ક્રમશઃ આવે પહેલી મુક્તિ નિગોદમાંથી,

બીજી એકેન્દ્રિય - વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાંથી,
ત્રીજી અભિમાનમાંથી, ચોથી મુક્તિ અજ્ઞાનમાંથી તથા છેલ્લી
જન્મ - મરણના કારણભૂત કર્મથી મેળવવાની હોય છે.

દરેક ઇંદ્રિય ઉપર કાબૂને જૂઓ,

તો જરા (ઘડપણ) અને મરણ પ્રવેશ શકશે નહીં.

યુવાનીમાં ઈશ્વરસ્મરણથી આ જન્મ તથા વૃદ્ધાવસ્થામાં
ઈશ્વરસ્મરણ કરનારનો હવે પછીનો જન્મ સુધરે છે.

એક ભાવના સાક્ષાત્ મુક્તિપ્રદ બને છે કે:

'મૃત્યુ એ પરમ તપ - ત્યાગ છે.'

આ ભાવના ભાવનારને મૃત્યુનો ભય કે શોક રહેતો નથી.

o

One moment of life is worth infinitely
more than all the non-life in the world.

મૃત્યુનો ભય જવો તે જ મૃત્યુંજયતા છે.

સત્કર્મ મૃત્યુનો ભય જતાય છે તથા દુર્ગતિનો ભય રહેતો નથી અને સદ્ગતિની ખાત્રી થાય છે, તેથી જ પવિત્ર પછીવાળા મંત્રને 'મૃત્યુંજય મંત્ર' કહેલ છે.

અવિદ્યા વડે મૃત્યુને તરીને વિદ્યા વડે તથા વિનાશ વડે મૃત્યુને તરીને સંભૂતિ વડે અમૃતને પમાય.

મૃત્યુનો ભય એ જિંદગીની મોટામાં મોટી કદર છે.

૧૦૦માં ૯૯ ચિંતાઓ જીવની ઉભી કરેલી કાલ્પનિક હોય છે. વિપત્તિ કરતાં તેની ચિંતા વધુ કષ્ટદાયી છે. દરેક કાર્યની સૂક્ષ્મ સંસ્કારરૂપે ફોટો - ફીલ્મ પડી જાય છે, તે મૃત્યુ પછી પણ માનવની સાથે આવે છે અને વિપાક કાળે તેનાં ફળ આપે. દેહભાવ અને મૃત્યુભય આવે છે અસ્મિતાથી - રાગથી - દ્વેષથી - અભિનિવેશથી. એ સૌના મૂળમાં અવિદ્યા છે, એનાથી જન્મ - મરણનું ચક્ર ચાલે છે. જ્ઞાનથી આત્મતત્ત્વમાં સ્થિર થવાય છે. મુક્તિ માટે 'નમામિ' અને 'સ્વમામિ'ની સમજણ જરૂર છે.

બે વાત ન ભૂલવી જોઈએ:

શરીરની અનિત્યતા = મૃત્યુ. આત્માની નિત્યતા = મોક્ષ.

ભસ્માન્તં શરીરમ્ | શરીર રાખ થનારું છે.

મૃત્યુ અને મોક્ષનું સ્મરણ રાખો

જગતના અપકાર અને પોતાના ઉપકારનું વિસ્મરણ,

એ મુખ્ય ચાર પ્રશસ્ત ભાવનું કારણ છે.

સર્વ જીવોમાં પોતાના અને પોતાનામાં બધા જીવોને

જ્યારે અભેદ વડે જુએ, ત્યારે જીવ મુક્ત થાય છે.

મરણ સુધરે ભગવાનથી - મરણ બગાડે વાસનાથી, તેથી

ભગવાન થઈએ એના કરતાં ભગવાનના થવું વધુ સારું.

જન્મ એ ગુન્હો છે, મૃત્યુ તેની સજા છે.

અસંયમ મરણ છે, સંયમ એ અમરણનો ઉપાય છે.

મૃત્યુ પછી મારું શું થશે તેની ચિન્તા કરશો નહીં,

કેમકે શાસ્ત્રોમાં કહ્યું છે કે:

સારાં કાર્ય કરનારની કદી ખરાબ ગતિ થતી નથી.

'મોહ અને પ્રમાદ એ જ મૃત્યુ છે' એમ કહેવાય છે.

## અંતિમ આરાધનાના ૧૦ ઉપાય

(1) સર્વ આહારનો ત્યાગ (2) પાંચ પરમેષ્ઠિનું સ્મરણ
(3) દુષ્કૃતગર્હા (4) સુકૃતઅનુમોદના (5) મૈત્ર્યાદિ ભાવના
(6) અતિચારની આલોચના (7) અરિહંતાદિ ૪ શરણાં
(8) વ્રતોનું ઉચ્ચારણ (9) ૧૮ પાપસ્થાનકોનું વિસર્જન
(10) ચોર્યાશી લાખ જીવાયોનિની ક્ષમાપના.

## બીજાને મરતાં દેખવા છતાં...

પોતે પણ મરવાનું છે, તે માનવું ઘણું જ કઠિન છે.
દરરોજ સેંકડો જીવો યમરાજને ઘેર જઈ રહ્યાં છે,
તે જોવા છતાં આપણા જેવા બાળ બાકી રહેલાં લોકો
'આપણે તો મરવાના જ નથી' એમ માની
આ દુનિયામાં મનસ્વી રીતે રહે છે, વર્તે છે તથા
સ્થિર રહેવા ઇચ્છે છે, જાણે કે પોતે મરવાના જ નથી.
આથી મોટું આશ્ચર્ય બીજું શું હોઈ શકે?
દેહધારીને વિટંબના એ તો એક સહજ ધર્મ છે,
ત્યાં ખેદ ધારણ કરીને આત્મવિસ્મરણ શા માટે કરવું?

મરણાંત લગી પળાય તે જ ધર્મ,
બાકી બધું સગવડ કે વિનોદ.

મરવું એટલે ગુજરવું. ગુજરવું એટલે માત્ર પસાર થવું,
એક જન્મ છોડી અન્ય જન્મમાં જવું અથવા
એક શરીર છોડી બીજું શરીર લેવું.

અગ્નિ લાકડામાં વ્યાપ્ત હોય તો ય લાકડાથી જૂદો જ,
તેમ દેહમાં વ્યાપીને રહેલો જીવ પણ દેહથી જૂદો જ.
આત્મા જન્મ-મરણનો માત્ર દ્રષ્ટા યા સાક્ષી જ છે.

ભવનિર્વેદનું લક્ષણ = જીવનની ક્ષણભંગુરતાનો વિચાર.
મોક્ષાભિલાષનું લક્ષણ = આત્માની અમરતાનો વિચાર.

'જિતની માયા શરીર પે, ઈતની આતમ પર હોય,
ચલા જાય વો મોક્ષ મેં, પલ્લા ન પકડે કોય.'

મરણપડિયારભૂયા એસા એવં ચ ણ મરણનિમિત્તા,
જહ ગંડચ્છેઅકિરિયા ણો આયવિરાહણારૂવા ।
અર્થાત્: સમાધિ મરણની ક્રિયા મરણ માટે નહિ,
પરન્તુ મરણના શાશ્વત પ્રતિકાર માટે છે.

દરેક જીવ બ્રહ્માંથી ઉત્પન્ન થયો હોય,
તો બ્રહ્મના પાંચે ય ગુણ તેનામાં આવ્યા જ હોય ને?
પ્રભુએ દરેક જીવને આપેલી આ ભેટ આપવા:
બ્રહ્મના ૫ અનુભાવ: સત્, ચિત્, આનંદ, મુક્તતા, સ્વતંત્રતા.
(૧) દરેક મનુષ્ય લાંબામાં લાંબુ જીવવા માટે ઈચ્છે છે.
(૨) દરેક બધી જ વસ્તુઓનું જ્ઞાન મેળવવા ઈચ્છે છે.
મૂર્ખને પણ કોઈ મૂર્ખ કહે, તો અસહ્ય લાગે છે.
(૩) સૌ સદા ય સુખી અને સ્વતંત્ર રહેવા ઈચ્છે છે.
(૪) દરેક મનુષ્યને બીજા કોઈની આધીનતા ઇષ્ટ નથી.
(૫) બાળકો ઉપર પોતાનું જ પ્રભુત્વ સ્થાપવાને માટે
બાળકો સદૈવ પોતાને આધીન રહે તેમ ઈચ્છે છે.
'શૂન્ય મરે, અજપા મરે, અનહદ હૂ મરિ જાઈ,
નામસ્નેહી ના મરે, કહત કબીર સમુજાઈ. ...(૧)
અર્થાત્: શૂન્યનો સાધક, અજપાનો જપી,
અનાહતનાદને સાંભળવાવાળો યોગી – એ બધાને મરે છે,
પરન્તુ નામસ્નેહી નિર્ભય છે, એમ કબીરનું કથન છે.

મરણ આવે, તે પહેલાં આ જીવનમાં...

જે મળ્યું છે, તેનો આનંદ લ્યો,

જે નથી મળ્યું, તેનો શોક ન કરો.

જે કાંઈ વહેંચણી થઈ છે, તે યોગ્ય જ થઈ છે અને

તે આપણા હિતમાં જ છે, કેમકે

વહેંચણી કરનાર તત્ત્વ મંગળમય છે.

સર્વજ્ઞ ઈશ્વરને જોવાથી મરણનો ભય ચાલ્યો જાય છે.

અંતકાળમાં મનુષ્યને જે ભય થાય છે,

તે કાળનો નહીં પણ પોતે જ કરેલાં પાપનો હોય છે.

પ્રતિક્ષણ ઈશ્વરસ્મરણ રાખો, તેનું મરણ સુધરે છે.

મર્યા પછી મન સાથે આવે, તન, ધન, સ્વજન નહીં.

મૃત્યુ આવે તે પહેલાં હૃદયમાં વીતરાગને ધારણ કરો.

મંત્રી વસ્તુપાળ પણ કહે છે કે :

હૃદયમાં વીતરાગને ધારણ કર્યા નથી, તેથી જન્મ હારી ગયો.

તેથી જ તેમણે જિર્ણોદ્ધાર, તીર્થોદ્ધાર, જિનમંદિર, જિન-

મૂર્તિ તથા જિનાગમ પાછળ અઢળક દ્રવ્ય ખર્ચ્યું હતું.

મૃત્યુ પૂર્વે ચિંતાના ૮ દોષ નિવારો: 11-7-68

(૧) ખેદ (૨) ઉદ્વેગ (૩) ક્ષેપ (૪) ઉત્થાન

(૫) ભ્રમ (૬) અન્યમુદ્ (૭) રોગ (૮) આસંગ.

કાળનો ભરોસો આવો, તે પહેલાં મોક્ષમાર્ગે તો ચડીએ.

અનંત ચતુષ્ટયનો સાક્ષાત્ લાભ તે મોક્ષ નથી,

અભેદ રત્નત્રયનું આચરણ તે મોક્ષમાર્ગ.

હું શરીર નથી પરંતુ શરીરી છું, રથ નથી પરંતુ રથી છું,

મરણશીલ નથી પરંતુ અમર છું,

પ્રકાશપુંજ છું પરંતુ માટીરૂપ નહિ.

ન શસ્ત્ર મને છેદી શકે, ન આગ મને બાળી શકે છે,

ન પાણી મને ભીંજવી શકે, ન હવા મને સુકવી શકે છે.

એક શાશ્વત સત્ય એ છે કે:

મૃત્યુ પછી પણ જીવનની અખંડતા રહે છે.

માણસના મરણ કરતાં પણ

મનુષ્યત્વનું મરણ એ વધુ આઘાતજનક લાગે છે.

મોત એ જીવનનો અંત નહિ પરંતુ નવજીવનનું પ્રભાત છે.

પવિત્ર એવું પ્રભુનું અભિષેક જળ

અકાળ મૃત્યુ તથા સર્વ રોગોનો નાશ કરનાર છે.

મૃત્યુ એક એવું ઋણ છે, જે ચૂકવે જ છૂટકો છે.

શરણાગતિથી સાધકને જીવનમાં સંતોષ,

મરણમાં સમાધિ અને જન્માંતરમાં બોધિ મળે છે.

મરણ સમયે દૃઢ મનોબળનો પરિચય કરાવવો જોઇએ.

વિશ્વમાં સદા નિયમ છે કે

જીવનાર કરતાં જીવાડનારનું મહત્ત્વ વધારે છે.

જેમ શ્વાસોચ્છ્વાસ વિના જીવનું દ્રવ્યજીવન ટકતું નથી,
તેમ જીવનું ભાવજીવન પણ શુદ્ધ ભાવનાઓ વિના
ટકી શકતું નથી. શ્વાસોચ્છ્વાસના અભાવે દ્રવ્યમૃત્યુ થાય,
તેમ શુદ્ધ ભાવોના અભાવે ભાવમરણ થાય અને
સદ્ગુણમય જીવનનો નાશ થઈ દુર્ગુણમય જીવન જીવાય.

'યોગની છેલ્લી ક્રિયાઓનું ફળ મૃત્યુમાંથી મુક્તિરૂપે મળે'

તે વાક્યનો અર્થ એમ સમજવાનો છે કે:

'યોગીને મળે છે મૃત્યુના ભયમાંથી મુક્તિ.'

કઈ રીતે મળે કાયમ જગતમાંથી મુક્તિ?

શાંત, સ્થિર, સ્વસ્થ થવું સરળ નથી, પરન્તુ એ થયાં વિના આ કાયમ જગતમાંથી મુક્તિ પણ મળનાર નથી.

જેનું બધું છૂટી જાય છે, તેને બધું મળી રહે છે.
જે ખાલી થાય છે, તેનામાં એવું કાંઈક પ્રકાશે છે કે
તે બધા પ્રકાશનો પણ પ્રકાશ હોય!

જન્મ એ જીવનનો આરંભ નથી અને
મરણ એ જીવનનો અંત નથી, કેમકે જીવન એ જન્મ અને મૃત્યુની વચ્ચે પણ છે તથા બહાર પણ છે.
મનુષ્ય જેમ ઉંમરમાં વધે, તેમ જીવનની ઘડીઓ ઘટે.

આપણાં બધાંનાં પારણાં મોત તરફ ટીંગાય છે.
કોઈપણ સમયે મોત માટે તૈયારી ન કરી રાખવી, તે તો જાણે શહેરને ઘેરો ઘાલ્યો હોય, તે વખતે પટેરી ભરતાં શીખવા બરાબર છે પણ વૃદ્ધાવસ્થામાં મોતને માટે તૈયારી કરવામાં ગફલત રાખવી, તે તો આપણા જ શહેર પર દુશ્મનોનો હુમલો થાય, ત્યારે ઊંઘી જવા સમાન છે.

ભગવાનની આજ્ઞાનું તાત્પર્ય આત્મલાભની પ્રાપ્તિ છે.
તે અરિહંતોનું પ્રતિષ્ઠાન, મોક્ષલક્ષ્મીનું નિવાસ અને
સ્વર્ગ - મૃત્યુ - પાતાળ ત્રિલોકનું સ્વામિત્વ ધરાવે છે.
મૃત્યુભયને જીતવો, તે જ વાસ્તવિક મૃત્યુનો વિજય.

આચાર્યની આજ્ઞા કેવી હોય છે ?

શત્રુભયને હણનારી, પૂજ્યતાને પમાડનારી,
જન્મ-મરણથી છોડાવનારી, સિદ્ધ, અકાટ્ય, આચરણીય છે.
મરણ એ દેહધારીઓની પ્રકૃતિ છે, જીવન વિકૃતિ છે.
શહેરના મુખ્ય સ્મશાનમાં કોઈ દિવસ હડતાળ નહિ,
એકે ય ચિતા ન સળગી હોય, એવો કોઈ દિન ગયો નહિ.
દેહને ક્ષણભંગુર કહેવામાં આવે છે, એ સાચું જ છે.

મરણ પામનાર એની હયાતિમાં જેમ વધુ
સુખ અને સમૃદ્ધિ, તેમ તેની પાછળ જંજાળ વધારે.

ઘર - બાર, વાડી - વજીફો, બાગો, બેંક બેલેન્સાદિ
અનેક પ્રકારનો સંસારનો પથારો
પાછળ રહેનારને સમેટવાનો - સાચવવાનો હોય જ છે.

મોક્ષ = મોહનો ક્ષય કરવો તે.

મોક્ષ કોઈ ઘર નથી, કોઈ દેશ કે ગામ નથી. અજ્ઞાનરૂપી
હૃદયમાં રહેલી ગ્રંથિનો નાશ થવો, એને જ 'મોક્ષ' કહે છે.

શરીરને 'હું' માનનાર મરણથી ત્રસ્ત રહે છે.

વિજ્ઞાનમય, મનોમય અને પ્રાણમય કોષો -
એમ ત્રણે મળીને સૂક્ષ્મ શરીર છે અને
જન્મ - જરા - મરણધર્મો બને છે, તે સ્થૂલ શરીર છે.

યમ = મૃત્યુ. સંયમ = દેહમૃત્યુ આદિ પ્રસંગે સમપરિણામ.

જીવન મૃત્યુ માટે નથી પણ
મૃત્યુને જીતવા માટે છે અર્થાત્ સાધના માટે છે.

જે મરવાને રાજી છે, તે જીવનને મેળવે છે.

મરતી વખતે ભ્રૂમધ્યમાં ધ્યાન લગાવી ૐનું ઉચ્ચારણ
સહાયક થાય છે. જે મનુષ્ય ભ્રૂમધ્યમાં પ્રાણસ્થાપના
કરી નિશ્ચય મનથી શરીર છોડે, તે દિવ્યસ્વરૂપી બને.

ઇચ્છા એ અનુભૂતિનું ફળ છે.

પૂર્વ મરણોના દુઃખાનુભવના ફળરૂપે તે છે.

જીવનનું મૃત્યુ નહિ અને મૃત્યુનું જીવન નહિ.
જે મરે છે, તે અનિત્ય છે - જે નિત્ય છે, તે અમર છે.
માનવજન્મનું સાધ્ય આત્મસાક્ષાત્કાર છે.
જેથી માનવની યોનિમાં આવી આત્માને મુક્તિ છે,
તેથી જન્મ-મરણના ચક્રમાંથી છૂટી જાય છે.
પરબ્રહ્મમાં જીવ અનાદિકાળથી રહેલો છે, તેથી અનંત
જન્મ-મરણ કરે છે, તેમાંથી છૂટવાનો ઉપાય એક જ
છે અને તે છે આત્મબ્રહ્મમાં લીન થવું તે. આગમ-
નોઆગમનો સાર પણ આત્મબ્રહ્મમાં સ્થિર થવું જ છે.
બધા પૌરાણિક સંપ્રદાયો મુક્તિ ૪ પ્રકારે માને છે:
(1) સામીપ્ય (2) સાયુજ્ય (3) સાલોક્ય (4) સારૂપ્ય.
સામીપ્ય = સાથે આવવું, સાયુજ્ય = અંદર પ્રવેશ કરવો,
સાલોક્ય = મધુરાલાપ સાંભળવો અને
સારૂપ્ય કે સાધર્મ્ય = અંગાંગી ભાવ થવું તે છે.
મુક્તિની આ અવસ્થાઓ એક પ્રકારથી ભૌતિક અર્થાત્
સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યલોક અંતર્ગત આવી શકે.

૪ સ્મૃત્યુપસ્થાનો કે જાગૃતિનાં શ્રેષ્ઠ સાધનો

(૧) પોતાના દેહનું (૨) પોતાની વેદનાનું (3) ચિત્તનું
તથા (૪) મનોવૃત્તિનું યથાર્થ અવલોકન કરવાની ક્રિયા.
એથી શોક અને ખેદ, દુઃખ અને દૌર્મનસ્ય દૂર થાય છે,
ઉપરાંત સન્માર્ગ અને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

મૃત્યુ અને મોક્ષને કદી ભૂલો નહીં; કેમકે
મૃત્યુના વિચારથી વિષય - વૈરાગ્ય પ્રગટે છે અને
મોક્ષના વિચારથી પરમોચ્ચ અનુરાગ જાગે છે.

'સૌને ત્યાં દુઃખ - રોગ - જરા - વ્યાધિ - મરણ - ઇષ્ટ
- વિયોગ, અનિષ્ટ સંયોગ તથા લાભાલાભનો ભય છે'
એમ સૌનાં દુઃખોને જોવાથી સમાનુભૂતિનો જન્મ થાય.

સૌનાં દુઃખોને જોવાથી - સાંભળવાથી - સમજવાથી
પોતાનું દુઃખ હળવું થઈ જાય છે.

મનુષ્ય જન્મ, લગ્નાદિ બધાની તૈયારી કરે છે, માત્ર
મરણની કરતો નથી માટે અસમાધિએ મરવું પડે છે.

મરણની તૈયારી એટલે મનની સુધારણા.

મુક્તિનો માર્ગ એટલે...

જડની અસ્પૃહા, ચૈતન્યની સ્પૃહા અને
જડથી વિરક્તિ અને ચૈતન્યની ભક્તિ.

આપણું કર્તવ્ય એટલે...

ચૈતન્યમાં રહેલ જડ અંશની ઉપેક્ષા અને
જડમાં રહેલ ચૈતન્ય અંશનું બહુમાન.

દરેક બાળ બુદ્ધિમાં વિશ્વાસ પામીને જ વિકસીત થાય છે.
'હું મરી ગયો' કે 'મારું કોઈપણ રૂપે અસ્તિત્વ નથી'
એવી કલ્પના કદી થઈ શકતી નથી,
તે જ આત્માના અમરત્વની સિદ્ધિ કરે છે.
અમરત્વ એ આત્માનો જન્મ હક્ક છે.

જીવન તો પુલ છે, તેના ઉપર આવાસ બાંધી ન શકાય.

બધું જ અસ્તિત્વના સ્વપરિણામોના ક્રમમાંથી પસાર થાય છે
એટલે કે જન્મ, વૃદ્ધિ, જરા અને મૃત્યુ. પરિવર્તનનો
નિયમ આત્માને પણ સરખી રીતે જ લાગુ પડે છે.
સતત વહેતું જીવન નવાં રૂપોમાં આવિષ્કાર શોધે છે.

આનંદ અને અસ્મિતા સમાધિના બે ફળ:
વિદેહ અને પ્રકૃતિલય.

આગળ વધવું હોય, જન્મ-મરણાદિને જલાંજલિ દેવા હોય,
શાશ્વત આનંદનો અનુભવ કરવો હોય,
તો તમારી આત્મા જ્યાં છે, ત્યાં તેને શોધો - શુદ્ધ કરો.
'હું છું' એ તો સિદ્ધ જ છે, પરંતુ
'હું કોણ છું?' એ સિદ્ધ કરવાનું છે.
એ જાણવા માટે 3 મિથ્યા તાદાત્મ્ય તોડવાના છે:
પહેલું તાદાત્મ્ય શરીર સાથે છે,
બીજું વિચારની સાથે અને ત્રીજું ભાવની સાથે છે,
આ ત્રણેને તોડવા એ જ ખરી તપશ્ચર્યા છે.
એ જેમ જેમ તૂટે, તેમ ચિત્તની અચેતન ક્રિયા ચેતનમય
બનીને અંદર અંધકારની જગ્યાએ પ્રકાશનો જન્મ થાય.
માનવજન્મ સેવા લેવા નહીં પણ સેવા કરવા માટે છે.
દુઃખ સહવા અને પ્રેમ વહેંચવા માનવજન્મ છે, પ્રમાદી
થવા કે મિથ્યા વાર્તાલાપમાં કાલક્ષેપ કરવા માટે નહીં.

સંસારની અંદર જીવ અનંત વાર ભટક્યો છે,
જન્મ - મરણની અનંત પીડાઓ સહી છે, તો પણ
તે સંસારનો અંત લાવનાર વ્યવહાર - નિશ્ચય અને
ભેદાભેદ રત્નત્રયની પ્રાપ્તિ જીવને થઈ નહિ.

મરણકાળે જીવ એકલો જ ગત્યંતર કરે છે, દેહ ઉપરાંત
ધન, સ્વજનાદિ અહીં રહે છે, તે એકત્વ ભાવના છે.

સપ્તધાતુમય ઔદારિક શરીર તે જીવનું સાચું શરીર નહિ,
જીવનું સહજ શરીર જ્ઞાનમય છે. તેને ધારણ કરનાર શુદ્ધ
આત્મતત્ત્વ જ શાશ્વત છે, પરમ હિતકર બંધુરૂપ છે.

સંવરથી નિશ્છિદ્ર બનેલું આત્મપોત કર્મજળના પ્રવેશના
અભાવે મુક્તિનગરે પહોંચે છે, તેથી સંવર ઉપાદેય છે.

આત્મજ્ઞાન થયાં વિના જન્મ-મરણ આદિ આપનારી
દૃઢતર વાસનામય વ્યાધિ મટતો નહિ.

આત્મરમણતા રૂપ સર્વ કર્મનિરોધનો હેતુ બનીને
અનંત - અવ્યાબાધ સુખસ્વરૂપ મુક્તિ અપાવે છે,
જે જ માનવજીવનનું અંતિમ ધ્યેય છે.

અપુનર્બંધક અવસ્થામાં આવેલ જીવને
સ્વરૂપનું જ્ઞાન અને મોક્ષની શ્રદ્ધા હોવાથી તે...

(૧) ઘોર એવા ભવને બહુ ન માને.

(૨) પાપ તીવ્રભાવથી ન કરે અને તેથી

(3) તેને અતિદીનતા પણ ન હોય.

મુક્તિલાભ લેવા સૌ પ્રથમ નામ-રૂપનો આશ્રય લેવો. નામ-રૂપથી ભાવમાં જવું અને ભાવમાંથી ભાવાતીત પરમાત્મામાં ચિત્તવૃત્તિનો લય કરવો જોઈએ.

શરીરમાંથી આત્મા નીકળી જતાં
કશાની કશી કીંમત રહેતી નથી, માટે આત્માને ન ભૂલો.

આત્માનો વિભાવ તે સંસાર અને સ્વસ્થતા તે મોક્ષ.

મોક્ષનો ઉપાય ક્ષમા - સમતા, મૈત્રી - કરૂણા, વૈરાગ્ય છે.

જીવનનું મુખ્ય કર્તવ્ય છે રાગ-દ્વેષથી બચવું.

રાગ-દ્વેષથી બચવાનો ઉપાય અરિહંતાદિનું શરણ, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન છે.

માટે મરણ પૂર્વે જ મોક્ષના સર્વે ઉપાયો આચરવા.

વાસના જે માત્રથી જીવ બંધનમાં પડે છે અને
ભગવત્ કૃપાથી જીવ મુક્ત થાય છે.

વાસના યદાપિ સ્વયંસ્થ જોઈ શકતી નથી, છતાં ક્ષરા
તૃપ્ત થવા માટે તેની હિલચાલ હંમેશા ચાલ્યા કરે છે
અને પ્રથમ સૂક્ષ્મદેહમાં સ્પંદન રૂપે હિલચાલ થાય છે.
આપણા સ્થૂલ શરીરની આસપાસ વાસનાનો બનેલો એક
સૂક્ષ્મદેહ હોય છે, તે સ્થૂલદેહ સાથે સંલગ્ન હોય છે.
તે જન્મથી મરણપર્યંત સાથે જ રહે છે અને
વાસનાને તૃપ્ત કરવાના સાધન માટે તેને વાપરે છે.
સ્થૂલદેહની નાભિ પાસે તે ગુંચવાયેલ રહે છે.
ગાઢ નિદ્રામાં, બેશુદ્ધિમાં, ધ્યાનાવસ્થામાં અને
મરણ સમયે સ્થૂલદેહમાંથી તે બહાર પડે છે.
જીવનભર વૃત્તિનું રૂપ લઈને દોડતાં વાસનાનાં પ્રવાહને
રોકવા કે વાળવા માટે મહાન શક્તિ આવશ્યક છે.
આત્માનુસંધાન થતાં બાદ આ સંસાર તેને ભ્રમણ નહીં
પણ રમણનું સ્થાન તથા ક્રીડા - લીલાનું ક્ષેત્ર દેખાય છે.

મનુષ્યે પહેલાં વિચારવું કે : દોષ દેહ સાથે જોડાયેલા છે.
દેહ જવાનો છે, તેની સાથે દોષ પણ ચાલ્યાં જશે.
આત્મા કાયમ રહેવાનો છે અને
ગુણ આત્મામાં રહે છે, તેથી ગુણ શાશ્વત રહેશે.
ભવની પરંપરાથી બચવાનો એક જ ઉપાય
આત્માની અમરતાનો વિચાર છે.
'ષડ્રિપુના બંધનમાંથી કાયમનો છુટકારો મેળવવો'
એ જ મોક્ષનો અર્થ છે. મોક્ષ પણ એક સાધન જ છે.
માતૃહૃદય મનુષ્યથી અધિક ભગવાન છે.
Reverence for life એ મનુષ્યત્વ ઉપાય છે.
વળી જીવદયાને ધર્મ સમજે, પરપીડનને પાપ સમજે,
ભૂખ્યાને અન્ન આપે અને પ્રભુના નામને સદા જપે,
તે સંસારસાગર તરી જાય છે.
પ્રભુનું નામ લેવાથી પ્રભુ માને છે કે:
નામોચ્ચાર કરનાર મારી સાથે એક થવા માંગે છે,
તેથી ભગવાન તેવા ભક્તને મુક્તિ આપે છે.

મરણને જાણનારા જાણીએ.

સિદ્ધભગવાનને શોધવા અંતર્મુખ થઈને આત્મામાં જો.

દેહ તો આવે અને જાય, પરંતુ
આત્મા કદી પણ દેહરૂપ ન થાય.

રાગમાં કદી સુખ અને વીતરાગતામાં કદી દુઃખ નથી.

મરણને જાણનારો કદી પોતે મરતો નથી.

દેહ આવ્યો અને ગયો, આત્મા તો એ નો એ જ રહ્યો.

આત્માને આત્માનો વિયોગ કદી હોય નથી.

શરીરના વિયોગે આત્માનો વિયોગ થતો નથી.

પારસમણિ રૂપી આત્માથી વિષયભોગરૂપી ચટણી પીસી
રહ્યાં છીએ પણ પરમાત્મશક્તિ રૂપ પારસમણિ અંદર
-અંદર આત્મામાં જ છે, નહીં કે વિશ્વના ચોગાનમાં.

કાળનો કાટ ન ચઢે, સદા આત્મતત્ત્વમાં સ્થિર થઈએ.

'જીવન્મુક્તિ' એટલે જીવતાં જ મરવાની કળા.

મોક્ષ એ પૂર્ણ મંગળ છે.

ભાવમંગળ એ મોક્ષમંગળમાં પૂર્ણતા પામે છે.

જીવન એ શિક્ષણકાળ છે, મરણ એ પરીક્ષાકાળ છે.

જીવન એ કાર્યકાળ છે, મરણ એ વિશ્રાંતિકાળ છે.

એ કાર્યકાળમાં જિનમૂર્તિ એ સદ્ગુરુને મળવાનો હેતુ
તથા નિજ શુદ્ધાત્માને જોવા માટેનું દર્પણ છે.

જિનમૂર્તિમાં પાષાણબુદ્ધિ, સદ્ગુરુમાં માનવબુદ્ધિ અને
મંત્રદેવતામાં અક્ષરબુદ્ધિ રાખવી, એ મહામૂઢતાનું સૂચક છે.

મૃત્યુ એ શરીરની વિનશ્વરતાને અને
મોક્ષ એ આત્માની અમરતાને બતાવે છે.
એક વૈરાગ્યપોષક છે અને બીજું ભક્તિપોષક છે.

મૃત્યુના વિચારથી પાપબુદ્ધિ જાય છે અને
મોક્ષના વિચારથી ધર્મબુદ્ધિ જાગે છે.

મનને સુધારવા માટે મૃત્યુ તથા મોક્ષનું સ્મરણ કર્તવ્ય છે.

કાળ પોતાની દાઢમાં જીવને ક્યારે લેશે તે કહી ન શકાય,
માટે દરપળે પ્રભુનું સ્મરણ કરવામાં જ શ્રેય રહેલું છે.

જીવનની અંતિમ ક્ષણોનો સદુપયોગ કરવાનું
સર્વશ્રેષ્ઠ સાધન સ્મરણ - જપ - ધ્યાન છે.

## સાચો જૈન કોણ ?

જે અવિનાશી આત્માને ઓળખ્યાં પછી મરે છે તે.

જ્યાં જીવનનો અંત છે, ત્યાં મરણનો અંત પણ છે જ.

દેહત્યાગ પહેલાં જ દેહસંબંધી મમત્વનો ત્યાગ કરવો,
તે જીવનનું ધ્યેય છે. વિષયો છૂટે તે પહેલાં જ
વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવો.

તે છૂટવાની સાથે જ મન સમાધિભાવમાં સ્થિર થઈ
જાય તો, પછી મૃત્યુ એ ભયનું સ્વરૂપ લઈને નહીં,
કિન્તુ આનંદનું સ્વરૂપ લઈને આવે છે.

જીવનનો અંતિમ સમય સમાધિ, સમતા અને
નિર્દ્વંદ્વ ભાવમાં વિતાવવો, તે સૌના જીવનનું ધ્યેય છે.
જેને ઈંદ્રિય અત્યંત વશ છે, તે જ પ્રભુને જીતી શકે.

લંડનમાં St. Paul ચર્ચ ઉપર તખ્તીમાં લખ્યું છે કે:
ઈશ્વરમાં માનો યા ન માનો પણ જ્યાં સુધી
માનવી મૃત્યુનું રહસ્ય ઉકેલી શકશે નહીં, ત્યાં સુધી
ખુદાની બંદગીનાં સ્થળોના દરવાજા કદી બંધ નહીં થાય.

જીવનની પાછળ મૃત્યુ તો છે જ પણ
મૃત્યુ એ જીવનનું ધ્યેય નથી, ધ્યેય તો મુક્તિ છે.

દેહધારીને બાળ અવસ્થા પછી યૌવન આવે
યૌવન પછી જરા - મૃત્યુ આવે છે, તેમ
મરણ પછી બીજો દેહ પણ આવે છે, એટલે
જ સમજુ મનુષ્ય જન્મ - મૃત્યુનો શોક કરતો નથી.
આ દેહ અનિત્ય છે, છતાં દુર્લભ એવા ધર્મપુરુષાર્થને
આપનારો પણ છે. નિત્ય એવો દેહ થતાં આયુષ્ય અને
નાશ પામતાં પુરુષાર્થને જે જાણતો નથી, તે દયાપાત્ર છે.

જીવ જન્મે છે, જીવે છે, વધે છે,
રૂપાન્તર પામે છે, શોષાય છે અને નાશ પામે છે.
આ છ વિકારો આત્માને થતાં નથી.

આત્મા એક પર છે, નિર્વિકાર છે, નિત્ય છે.
આત્મા એક - દેહ ઘણાં છે, આત્મા દૃષ્ટા - દેહ દૃશ્ય છે,
આત્મા સ્વપ્રકાશક - દેહ પરપ્રકાશક છે,
આત્મા નિઃસંગ, વ્યાપક છે - દેહ સંગી, વ્યાપ્ય છે.

જીવનની સફળતા સમાધિ મરણની પ્રાપ્તિમાં છે.

જેનું ચિંતન સદા હોય, અંતકાળે તેનું જ સ્મરણ હોય.

જો તારે અમરત્વ જોઈતું હોય,

તો અવ્યગ્રતાની ઉપાસના કર - સમત્વની સાધના કર.

કોઈનું અકાળ મૃત્યુ હોય, તે બોધ આપે છે કે:

જગતમાં સત્તા ભગવાનની જ છે, હું તો ક્ષુદ્ર છું!

નવ દ્વારવાળા આ શરીરમાં જીવન ટકી રહ્યું છે,

એ જ આશ્ચર્યની વાત છે!

જ્યાં જીવવાની આશા નહિ, ત્યાં મરવાનો ધોખો શો?

'ઘટમાં પરિપૂરણ બ્રહ્મ'.

આ શરીરમાં જ પૂર્ણબ્રહ્મનો નિવાસ છે.

બધી ભૂલ - ભ્રમણા દૂર કરીને તે સત્યને પારખી લેજો.

ભીતર રહેલા ભગવાનનું ધ્યાન ધરીને

શરીરમાં જ આત્માને જગાડી લેજો.

સર્જનહારને ભૂલી જવો, એ તો સૌથી મોટું પાપ છે જ,

પરન્તુ આત્માને જ ભૂલવો, તે તો મહામિથ્યાત્વ છે.

ॐ એ મૃત્યુથી અમૃત સમીપે લઈ જનારી નૌકા છે.
એની મહાપ્રાણ શક્તિનું આહ્વાન અને ધ્યાન કરવું.

અંતિમ મહાસમાધિ એટલે...

મન - પ્રાણ - શરીરની બધી માગણીઓ શાંત થઈ જાય
અને તે સર્વ ઉપર સજાગપણે કાબુ આવી જાય તે.

જીવનમુક્તિ અને વિદેહમુક્તિમાં ફરક એટલો જ છે કે...
એક દેહને રાખે છે અને બીજો દેહનો ત્યાગ કરે છે.
આંતરિક અવસ્થા બંનેની સમાન જ રહે છે,
કારણકે બંને પોતાના સ્વરૂપમાં જ સ્થિત છે.

સાચી મુક્તિ તો અંદરની એક વિશિષ્ટ મનોવૃત્તિ છે,
આત્માનું અંદરનું વલણ છે, બહારનો આડંબર નહીં.
સુખ - દુઃખાદિ જે રાગદ્વેષરૂપી તૃષ્ણા ઉત્પન્ન થાય, તે
તૃષ્ણા જ જીવના જન્મ - મરણનું કારણ બને છે.

'ગીતા' વાંચ્યા બાદ છોકરી મરે જ નહીં, એવું નહિ પણ
એ મરશે, તેનો આઘાત ન લાગે - તકલીફ ન થાય,
એ 'ગીતા' ગ્રંથના વાંચનનું ફળ છે.

પ્રમાદ = મૃત્યુ અને અપ્રમાદ = અમૃત - અમરતા.

કામ, ક્રોધ, લોભરૂપી વિકારો એજ મૃત્યુરૂપ યમ છે.
વિપરીત માર્ગે ચાલનારા કદી આત્મસાક્ષાત્કાર કરી ન શકે.
એમની શક્તિ વેડફાઈ જાય છે, એથી અંતરાત્મામાં
પરમાત્માના દર્શન કરવાની શક્તિ અવરાઈ જાય છે.
અપ્રમત્તભાવ કેળવવા મૃત્યુ યાદનું ચિંતન ઉપયોગી છે.
પ્રમાદ દોષને દૂર કરવા મૃત્યુનો વિચાર સમર્થ છે.

સ્થૂળ શરીર છોડવાની પહેલાં જે મનુષ્ય
કામ અને ક્રોધથી ઉત્પન્ન થયેલા વેગોને
સહન કરી લેવા શક્તિમાન થાય, તે જ યોગી છે.
આત્માને કર્મના યોગે જેમ જન્મ અને મરણ છે,
તેમ એજ કર્મના યોગે પતન અને ઉત્થાન પણ છે.
અક્ષરમાંથી જાણે કે પોતાના જ શુદ્ધ આત્મામાંથી પ્રકૃતિ
અને પ્રકૃતિમાંથી માનવની ઉત્પત્તિ થઈ છે, તેમ
માનવ પાછો સ્વકેન્દ્રભૂત અક્ષરમાં લીન થશે,
ત્યારે જ તે જન્મ - મરણાદિના ચક્રમાંથી મુક્ત થશે.

સમાધિ મરણ એટલે ત્રણ શલ્ય વિનાનું મરણ.

બહારથી શાંતિ કે સમાધિ દેખાતી હોય પણ અંદરથી
માયા, મિથ્યાત્વ કે નિદાનશલ્ય કાયમ રહ્યું હોય,
તો તે સાચી સમાધિ નથી.

બહારથી સમાધિ ન દેખાતી હોય પણ જો તે નિઃશલ્ય
થઈને મરણ પામે, તો તે સમાધિ મરણ કહેવાય.

જન્મમાત્ર સાથે મૃત્યુ સંકળાયેલું છે,
ચરમ કોઈપણ અવસ્થામાં મૃત્યુથી ગભરાયા વિના
મૃત્યુને સુંદર બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે
જેથી મુક્તિ નિકટની બને, એવું શુભ ભાવિ સર્જાય.

જન્મ - મરણ એ કુદરતનો વ્યવસ્થિત ક્રમ છે.

મૃત્યુ પહેલાં આટલું જરૂર કરવું:

દેવઋણ ઉતારવા માટે કર્મપરા,
ઋષિઋણ ઉતારવા માટે અધ્યયન,
પિતૃઋણ ઉતારવા માટે સંતતિનો શ્રેષ્ઠ ઉછેર કરવો,
મનુષ્યઋણ ઉતારવા માટે અતિથિનો સત્કાર કરવો.

મહાવીર પહેલાં આત્મા છે, પછી દેહ છે.

દેહ એ આત્માનું ખોળિયું છે. ખોળિયાનો નાશ થશે
પણ આત્મા અજર - અમર - અવિનાશી રહેશે.

જ્ઞાનીને મન મૃત્યુ આશીર્વાદ - અજ્ઞાનીને શ્રાપરૂપ છે.

જ્ઞાની આત્માની અમરતાને જુએ છે, જ્યારે
અજ્ઞાની દેહની નશ્વરતાને રડે છે.

નશ્વર વસ્તુના ભોગે અવિનશ્વર વસ્તુ મેળવવાનો
છેવટનો ઉપાય સમાધિપૂર્વકનું મૃત્યુ છે.

મૃત્યુ સમયે સમાધિ તો જ મળે,
જો તેને ત્યાગનો મહોત્સવ માનવામાં આવે.

સ્વવશપણે સર્વસ્વનો ત્યાગ ન કરી શકનારને
સર્વસ્વનો ત્યાગ કરવાની અનુકૂળતા પૂરી પાડનાર
મૃત્યુ સમાન બીજી કઈ વસ્તુ છે?

કાળની પક્કડમાંથી કાળના ય કાળ એક ભગવાન જ છોડાવે.

સર્વમાં ભગવદ્‌ભાવ જાગશે, એ કાળના મુખમાંથી છૂટશે.

કામવિજય = હૃદયનો રોગ. કામને મારનાર કાળને મારે.

'जल्लेसे मरइ तल्लेसेसु उववाओ ।' સદ્ગતિઃ
જે લેશ્યામાં મરે, તે લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય છે.

પરિશુદ્ધ ચિત્તરત્નવાળો મુનિ મરણકાળને નજીક જાણી વિશુદ્ધ વિધિપૂર્વકના અનશન વડે કાયાનો ત્યાગ કરે.

પરમ ધ્યેયની વિસ્મૃતિ એ આત્મઘાત છે.

મૃત્યુનું ચિન્તન વિવેકને જાગૃત કરે છે, નશ્વરમાંથી આસક્તિ છોડાવી શાશ્વતનાં દ્વાર ખટખટાવવા પ્રેરે છે.

આત્માને બંધન નથી, જડ શરીરને પણ બંધન નથી, પરન્તુ દેહાભિમાની જીવના હુંપણાંને કારણે જ બંધન છે.

જીવવાનું દેહને સોંપીને સ્વસ્થ રહેવાથી
મરણ પરબારું જ મરી જાય છે.

વસ્તુતઃ સ્વરૂપને જન્મ ય નથી અને મરણ ય નથી.
ઈશ્વરને ચરણે જીવતાનું સમર્પણ કરવું, એ મરણ.
જાણી અજાણી જે પડિક્કમશે, તે કર્મ હળવો થાશે અને જન્મ-મરણના દુઃખથી છૂટી જઈ મુક્તિનાં સુખ માણશે.

મૃત્યુને જુઓ અને જીવનને જીવો.

રોજના ૨૧,૬૦૦ શ્વાસની ચિંતા રાખનાર,
ત્યારે એક પણ શ્વાસ વૃથા ખોવાની ઇચ્છા ન થાય.

૧ શ્વાસોચ્છ્વાસમાં બાદર અને સૂક્ષ્મ - બંનેમાં નિગોદના
૧૭ કરતાં પણ અધિક ભવો થાય છે.

૧ મુહૂર્તમાં...

નિગોદના જીવો ૬૫,૫૩૬ વાર જન્મે - મરે.
પૃથ્વીકાય - અપ્કાયના જીવો ૧૨૮૨૪ વાર જન્મે - મરે.
પ્રત્યેક વનસ્પતિકાયના જીવો ૩૨૦૦૦ વાર જન્મે - મરે.
બેઇન્દ્રિય ૮૦ વાર, તેઇન્દ્રિય જીવો ૬૦ વાર જન્મે - મરે.
ચઉરિન્દ્રિય ૪૦ વાર, અસંજ્ઞી પંચેન્દ્રિય ૨૪ વાર તથા
સંજ્ઞી પંચેન્દ્રિય જીવો ૧ મુહૂર્તમાં ૧ ભવ કરે છે.

'મમ' - એ બે અક્ષરોથી બંધન થાય છે અને
'ન મમ' - એ ત્રણ અક્ષરોથી મુક્તિ મળે છે.

જીવનદાખલો એમ ગણો કે મૃત્યુનો જવાબ સાચો આવે.
મૃત્યુ એ જીવનનો અંત નથી, તે એક સ્થિતિમાંથી
બીજી સ્થિતિમાં લઈ જનારું એક વાહન માત્ર જ છે.

મૃત્યુનું મૃત્યુ તે અમરતા - અંતનો અંત તે અનંત.

ભ્રમનો પણ ભ્રમ ટાળે, તે બ્રહ્મ.

જીવનમાં રહેલી સર્વ વાસના મરણને જગાડે છે.

મન મૃત્યુમય છે - મર્ત્ય છે, જ્યારે જીવન અમર્ત્ય છે.

ભવિષ્યનો વિચાર મરણને લાવે છે,

વર્તમાનનો વિચાર અમરતાને પ્રગટાવે છે.

ખંડથી અખંડમાં, દેહથી વિદેહમાં, ભેદથી અભેદમાં,

કાળથી અકાળમાં અને

મૃત્યુથી અમૃતમાં જવાની યુક્તિ માત્ર યોગમાર્ગમાં છે.

સચરાચર વિશ્વમાં જેને ભગવદ્ભાવ જાગશે,

તે કાળની ફાળમાંથી ઉગરી જાય છે.

૭ પ્રકારના ભયોમાં એક મૃત્યુ

મનુષ્યને મનુષ્યથી ભય તે ઇહલોક ભય,

પશુ - પંખીથી ભય તે પરલોક ભય,

ચોરી, અપયશ, અકસ્માત, રોગ તથા મૃત્યુનો ભય -

એમ ૭ પ્રકારના ભયો આત્મજ્ઞાનથી નાશ પામે છે.

જીવનને જાણ્યું કે મૃત્યુ મરી ગયું,
મૃત્યુને જાણી લીધું કે જીવન શરૂ થયું.

સમાધિમાં સાધક સ્વયં મૃત્યુને વરે છે,
તે પોતે મૃત્યુમાં પ્રવેશ કરે છે અને જાણી લે છે કે
હું છું અલગ અને આ શરીર છે અલગ. એકવાર આ
ખબર પડી જાય કે 'હું અલગ છું', તો સમજી લો કે
મૃત્યુ ખતમ થઈ ગયું અને જીવનનો અનુભવ પણ ગયો.

ધર્મ એ જીવનની અને મૃત્યુની કળા છે.

જે મરવાનું જાણી લે, તે જ જીવનને જાણી શકે છે.

'જીવન શું - મૃત્યુ શું' એ જાણવું હોય, તો સ્વેચ્છાએ
શરીરની ઉર્જાશક્તિને ખેંચવાની કળા શીખવી પડશે.
જે ઓગળી જાય તે શરીર, સતત રહે તે શુદ્ધ ચેતના.
શરીર સુંદર નહિ પણ શુદ્ધ ચેતનામય આત્મા સુંદર છે.

રાત્રે સુતી વખતે બોલવાનો પાઠ

આહાર શરીર ઉપધિ - પચ્ચખું પાપ અઢાર;
મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર.

અંત સમયે પરમ હિતકારી ત્રણ વસ્તુ:

(૧) સર્વ જીવરાશિ સાથે ક્ષમાપના

(૨) સર્વના હિતની ભાવના (૩) નવકાર મહામંત્રનો જાપ.

ખોટી જરૂરિયાત, અનિત્ય સાથે અને
કાયા સાથેનું તાદાત્મ્ય સદા મૃત્યુમાં જ લઈ જાય.

મૃત્યુનો સ્વીકાર = અહિંસા. મૃત્યુનો અસ્વીકાર = હિંસા.

જ્યારે પોતાના મૃત્યુનો અસ્વીકાર કરીએ છીએ, ત્યારે બીજાના મૃત્યુનો સ્વીકાર કરીએ છીએ, તે જ હિંસા છે.

દેહભાવ છોડવાથી વિદેહભાવ પ્રગટે તથા અંતરાત્મભાવમાંથી ય કર્મભાવ દૂર કરી શુદ્ધાત્મભાવમાં રહેતાં શીખીએ, તો મહાવિદેહ ક્ષેત્રને યોગ્ય થઈએ.

જીવ્યું તે જ ગણાય કે કંઈક અમર કામ મૂકીને જાય.

વિદ્યા અને અર્થની પ્રાપ્તિ કરવામાં ન્યૂનતા ન રાખવી અને મરી જવું છે, એ વાત ભૂલી જઈ અધર્મ ન કરવો.

આત્મતત્ત્વ જાણનારને મૃત્યુ એ તો માત્ર વેષપલટા જેવું છે, તેથી તેને મરણ વખતે ખેદ થતો નથી.

આત્મા એક અખંડ શાશ્વત તત્ત્વ છે.

તે કદી નાશ પામતું નથી, કેમકે તે ઉત્પન્ન થયેલ નથી.

જેનો જન્મ નથી, તેનું મરણ ક્યાંથી થાય?

જેની ઉત્પત્તિ નથી, તેના વિનાશનો પ્રશ્ન જ નથી.

આપણે દેહથી ભિન્ન છીએ.

દેહથી ભિન્ન કોઈ ચેતન છે, તે આપણે છીએ.

બુદ્ધિ થાકી જાય, સ્મૃતિ મંદ પડે, મન બગડી જાય છે,
પરંતુ એ બધાને જાણનાર ચેતન તટસ્થ રહે છે.

'શરીર, મન, બુદ્ધિ આ બધું જે કાંઈ છે,
તેને જાણનારો, સૌની ચિંતા કરનારો અને
એ બધાથી ભિન્ન એવો કોઈક છે'
એ વાત જેના ધ્યાનમાં આવી ગઈ, તે મુક્ત થયો સમજવો.

'હું શરીરથી અલગ છું...' એમ સમજી
જે પોતાને દેહ - મન - બુદ્ધિથી ભિન્ન માને છે,
તે એના દોષોથી કદી હારતો નથી તથા ભીતરથી
શક્તિનો અનુભવ કરે છે કે: 'હું દોષોને સુધારી શકીશ.'

મરણ પહેલાં હેમ અને રત્નો કમાવા છે ? તો...
કાયાથી થતો ધર્મ માટીમાંથી સોનું મેળવવાનો કીમિયો છે
અને મનમાં થતાં શુભ વિચારો તથા ભાવોથી થતો ધર્મ
એ તો રેતીમાંથી રત્નો ઉપાર્જન કરવાનો વ્યાપાર છે.

મરણ પૂર્ણ બંધન છે અને તેમાં જો
પ્રભુને સતત યાદ નહીં કરો તો કાન, આંખ અને
મન દ્વારા અનેક પાપો લઈને તમે ઘેર આવશો.

મરણ પહેલાં ૩।। ક્રોડ છિદ્રોવાળું વાજિંત્ર વગાડી લો.
કર્મ રૂપી કાચા માલમાંથી બનેલા ૩।। ક્રોડ છિદ્રોવાળા
દેહ રૂપી વાજિંત્રમાંથી સ્તવનના સંગીતનો સુધાપ્રવાહ
ચૌદ રાજલોકમાં વ્યાપી જઈને, ત્યાં ત્યાં રહેલાં સર્વ
જીવોને તેમના તથાભવ્યત્વાનુસાર શાતા પહોંચાડે છે.

મરણને સુધારવા ક્યારેય ચોરી ન કરીએ, કેમકે...
પુસ્તકની ચોરી કરે, તે ભાવિ જન્મમાં મૂંગો થાય.
અન્નની ચોરી કરે, તે ભાવિ જન્મમાં ભિખારી થાય.
સોનાની ચોરી કરે, તે ભાવિ જન્મમાં આંધળો થાય.

મુક્તિ અનાસક્તિમાં રહેલી છે.

જે કર્મો કરે છે, તે કદી મુક્તિ અનુભવી શકતો નથી.

ભૂતકાળ મરી ગયો છે, ભવિષ્યકાળ જન્મ્યો જ નથી.
આપણા સમગ્ર અસ્તિત્વનો ભાર ઉપાડીને આજનો
દિવસ આપણી સામે ઊભેલો છે, તેને સાર્થક કરી લો.

આજનો દિવસ એ જ તમારો છે.

અનંતકાળમાં પણ આજનો દિવસ પુનઃ નહીં મળે.

જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ -
એ ચારે ય દુઃખોનું મૂળ અવિદ્યા છે, તૃષ્ણા છે.
તેનો ઉપાય પંચશીલ અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્ધ્યાન,
સમ્યક્સંકલ્પ, સમ્યક્વ્યાયામ અને સમ્યગ્સમાધિ છે.

મૃત્યુ પૂર્વે મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ સાધક -
એમ ત્રણેની સાથે ભાવસંબંધ બંધાય,
તો તે સંબંધ અંતે જીવોની મુક્તિમાં પરિણમે. તમારા
અસલ સ્વરૂપને જન્મ - જરા નથી, મૃત્યુ પણ નથી.
તે નિરાકાર - નિર્વિકાર સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

આપણી પ્રતિદિનની પ્રાર્થના એવી જોઈએ કે:

'સમાહિ મરણં ચ બોહિલાભો અ।'

ઘરમાં અથવા બહાર જંગલ વગેરેમાં
કોઈ સ્થળે પણ મરણનો પ્રસંગ પ્રાપ્ત થાય, ત્યારે
આત્માર્થીએ આ ભવના સર્વ બાહ્ય શરીરાદિના અને
અભ્યંતર વિષય-કષાય (મૂર્છા-રાગ-દ્વેષ-વેર-વિરોધ)ના
સંબંધોને તોડીને સમાધિપૂર્વક મરવું જોઈએ.

મૃત્યુ એ જીવનવૃક્ષનું અતિ મધુરું ફળ છે.

મૃત્યુ તો ઈશ્વરનું જ એક સ્વરૂપ છે.

જીવન-મૃત્યુ બંને માનવને માટે પરમ મંગલ છે.
જેમ દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ આવે છે,
તેમ જીવન રૂપી વૃક્ષમાં મૃત્યુ રૂપી ફૂલ લાગે છે અને
મૃત્યુ રૂપી ફૂલમાં પછી જીવન રૂપી ફળ લાગે છે.
માનવદેહમાં જ વાસનાક્ષય અને આત્મદર્શન સુલભ છે,
તે થયાં પહેલાં મૃત્યુ ઈચ્છવા યોગ્ય નથી. જીવન પણ
વાસનાક્ષય અને આત્મદર્શન માટે ઈચ્છવા યોગ્ય છે.

મૃત્યુથી ભય કેવો ? એ તો જીવનની સર્વોત્તમ ક્ષણ છે.
મૃત્યુ તમને જગાડે, તે પહેલાં જ તમે જાગી જાઓ,
કેમકે પાછળથી મૃત્યુ વખતે આપણે
'ઘણું જ મોડું થઈ ગયું' એમ કહેવું ન પડે.

રાજા કુમારપાળ : अनायासेन मरणं, विना दैन्येन जीवनं।
देहान्ते तव सान्निध्यं, देहि मे परमेश्वर ! ॥ અર્થાત્ :
આયાસ વિના મરણ, દૈન્ય વિના જીવન અને દેહના
અંતે તારું સાન્નિધ્ય, હે પરમેશ્વર ! મને આપો, આપો.

(૧) ઉપકારી, સ્વજન, પરિચિત અને
અપરિચિતના ઉપકારને વિચારે : 'अनायासेन मरणं।'
(૨) કર્મનો બંધ અહિત કરે છે પણ કર્મનો ઉદય
હિત કરે છે, એમ વિચારે : 'विना दैन्येन जीवनं।'
(3) દેહનો વિનાશ છતાં આત્માનો અવિનાશ છે, તેથી
'देहान्ते तव सान्निध्यम्।' (૪) 'देहि मे परमेश्वर।'
આ પ્રાર્થના કરવાથી પ્રણિધાન બંધાય છે. પ્રણિધાન
પ્રવૃત્તિમાં, વિઘ્નજયમાં અને સિદ્ધિમાં સહાયક છે.

જે દિવસથી જીવ ગર્ભમાં સંક્રમે છે, તે જ દિવસથી
તેનું મૃત્યુ સમીપ અસ્ખલિત પ્રયાણ શરૂ થઈ જાય છે.
જેને યમરાજ સાથે મિત્રતા હોય, તે જ એમ કહી શકે કે:

'આ કામ હું આવતી કાલે કરીશ.'

આત્માને શરીરથી એકાંત અભિન્ન માનવામાં મરણ
જ ઘટતું નથી, કારણ કે મરણ વખતે શરીર કાયમ રહે છે.

પ્રાણવાયુ અને જઠરાગ્નિના અભાવે
જો મરણ માનવામાં આવે,
તો મરણ બાદ પરલોક ઘટતો નથી અને
પરલોક તો બધા શિષ્ટ પુરુષોએ માન્ય રાખેલ છે.
પરલોકનું પ્રમાણ તે દિવસે જન્મેલ બાળકને સ્તનપાનનો
અભિલાષ છે, જે પૂર્વના અભિલાષપૂર્વક જ હોય છે.

અરિહંતોને જન્મ નથી, સિદ્ધોને મરણ નથી.
જન્મ-મરણરહિત તત્ત્વ પૂજ્ય છે.

આ જગતમાં બે સાર : એક રૂપ અને બીજું નામ.
રૂપ દેહની સાથે મૃત્યુ પામે, પરંતુ નામ કદી મરતું નથી.

## મરણભય નિવારણ કઈ રીતે ?

પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્યરૂપ
દશ પ્રાણોના વિયોગને 'મરણ' કહેવાય છે, પરન્તુ
આત્મા સદા ભાવપ્રાણોથી સંયુક્ત છે.

ત્રણે કાળમાં જ્ઞાનાદિ ભાવપ્રાણોનો નાશ નથી.
એ રીતે ભય - મરણ - રોગ - નિર્ભયયુક્ત આત્મતત્ત્વ
ચિંતન કરવાથી મરણનો ભય ઉત્પન્ન થતો જ નથી.

૨૦૦ વર્ષ પહેલાં વિયેનાનાં ડૉ. મેસ્મેરે
એક ધર્મગુરુને શ્રદ્ધાથી રોગનિવારણ કરતાં જોયાં.
તેમણે તે ઉપરથી 'મેસ્મેરીઝમ'નું વિજ્ઞાન રચ્યું.
હૃદયના રોગીને તેઓ કહે છે : 'તમારી હૃદય ફેફસાં
ઉપરથી તમારા મન ઉપર ન પહોંચે, તેની કાળજી રાખો.
હૃદયથી મર્યા છે તેથી વિશેષ દર્દી હૃદયની ચિંતાથી મર્યા છે
અને આશા કે શ્રદ્ધાના અભાવથી થયાં છે.'

દર્શન બે રીતે થાય : એક આંખે અને બીજું હૃદયે.

નીરસતા એ જડતા કે મૃત્યુનું બીજું નામ છે.

મરણ પામનાર શરીર છે અને પ્રાણ તથા પદાર્થનું
સ્મરણ કરનાર મન છે, જ્યારે આત્મા બંનેને જોનાર
કેવળ સાક્ષી પુરુષ છે, તો શરીરનું મૃત્યુ કે મનનું સ્મરણ
આત્માને શું લાભ કે હાનિ પહોંચાડે ?

જન્મ - જરા - વ્યાધિ - મૃત્યુ આદિ દેહના ધર્મો છે તથા
રાગ - દ્વેષ, સંકલ્પ - વિકલ્પ, સ્મરણ, ચિંતન, સદસદહંકાર
મનનાં ધર્મો છે, કિન્તુ આત્મા તો બન્નેથી પર છે.
જે ક્ષણે પુરુષ પોતાના આ સ્વરૂપનો નિશ્ચય કરી લે,
તે ક્ષણે જ તે પૂર્ણતયા મુક્ત થઈ જાય છે.

શરીરની રચના જ એવી છે કે મરણના સમયે
મનુષ્ય કાંઈપણ ચિન્તન કરવા સમર્થ રહેતો નથી.

મરણનો ધક્કો એટલો તો ભારી છે - પીડા અસહ્ય છે,
કે તે વખતે પ્રાણ વ્યાકુળ થઈ જાય છે, મન - બુદ્ધિ
સ્થિર રહી શકતાં નથી એટલે ચિંતન - સ્મરણ થતું નથી.
આવી સ્થિતિ લગભગ બધાની જ રહે છે.
દેહ - મનનાં ધર્મોમાં જ્ઞાની - અજ્ઞાનીનો કોઈ ભેદ નથી.

Most Important

## સુવિહિત મુનિ માટે અંત સમયે કરવાની મરણસમાધિ - શુદ્ધ આત્મસ્વરૂપની ભાવના

મરણ સમયે જ્યારે શરીરમાં વેદના વધી જાય છે, ત્યારે સમર્થ ચિત્તવાળાનું મન પણ શાસ્ત્રના સ્વાધ્યાયમાં લાગી શકતું નથી. તો તે વખતે કોઈ એક પણ પદ કે જે સંવેગને પેદા કરનારું હોય, તેને વિષે મન લગાડવું. સંવેગ અને સમતાને પેદા કરનારા કોઈ એક વાક્યમાં પણ મન અંત સમયે લાગી જાય અને તેનું જ ચિન્તન કરતાં કરતાં દેહ છૂટી જાય તો પણ તે આરાધક બની જાય છે. એ રીતે આરાધનામાં ઉપયુક્ત બનીને કાળ કરનારો સુવિહિત મુનિ ઉત્કૃષ્ટથી ત્રીજે ભવે સિદ્ધિ પામે છે. આમ છતાં કોઈ કારણે ચિત્ત સમાધિને ન જ પામે, તો વિચારવું કે : 'હું સાધુ છું. જીવનમાં મેં સર્વ પ્રકારે સંયમ પાળેલું છે. હું સર્વ વસ્તુને ત્રિવિધે - ત્રિવિધે વોસિરાવું છું, પછી મારે ભય પામવાની શી જરૂર છે?

સદ્‌ગતિનો માર્ગ મેં આરાધ્યો છે, માટે મારે ડરવાની
જરૂર નથી. મરણ સમયે જ્ઞાન - દર્શન - સમ્યક્ત્વ -
ચારિત્રમાં ઉપયોગ મૂકે, તે સંસારથી અવશ્ય મૂકાય છે.

મારો આત્મા જ મને આલંબનભૂત છે.

મારો આત્મા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ,
સમ્યક્ત્વસ્વરૂપ અને ચારિત્રસ્વરૂપ છે.

પચ્ચખ્ખાણ પણ મારો આત્મા છે અને
સંયમવ્યાપાર પણ મારો આત્મા જ છે.

મારો આત્મા શાશ્વત છે, જ્ઞાન - દર્શન સહિત છે.
બાહ્ય વસ્તુઓ સંયમ સંબંધથી મળેલા છે,
તેને હું ત્રિવિધે વોસિરાવું છું.

મારો આત્મા અનંત વર્યવાળો છે.
વિશ્વનો પ્રકાશક છે, સિદ્ધનો સાધર્મિક છે.
આ મારો આત્મા જ શાશ્વત સિદ્ધસ્વરૂપ છે.
આ આત્મા જ પરમ તત્વ છે અને
આ આત્મા જ પરમ જ્ઞાન છે.

## मृत्योर्मा अमृतं गमय ।

હે પ્રભુ ! આપ પરબ્રહ્મ - તું અમૃતસ્વરૂપ છે.
પરબ્રહ્મને શરણે જવાને બદલે પરબ્રહ્મનો
અખંડ અનુભવ લેતાં રહી તેની મસ્તીમાં રહેવું સારું છે.
સાચું જીવન છે સુખમાં લીન - દુ:ખમાં દીન ન થવું.
પરબ્રહ્મનો પરિચય થયાં પછી એવું લાગવા માંડે છે કે
પરબ્રહ્મ પણ વિશ્વાત્માની એક સુંદર, પ્રેમાળ વિભૂતિ છે.
દુ:ખમાંથી જ સુખ પ્રગટે છે, મૃત્યુમાંથી જ નવજીવન
પ્રાપ્ત થાય છે અને પાનખરમાંથી જ વસંત ખીલે છે.
મૃત્યુ એટલે જૂનું વસ્ત્ર મૂકીને નવું વસ્ત્ર ધારણ કરવું
અથવા જૂનું ઘર છોડી નવા ઘરમાં પ્રવેશ કરવો.
શરીરો અનિત્ય છે, વૈભવ પણ શાશ્વત નથી.
મૃત્યુમાંથી અમરતામાં લઈ જવાની શક્તિ પ્રભુની
પ્રભુતાના સ્વીકાર અને તેની શરણાગતિમાં માનવી.
મૃત્યુ હંમેશા નજીક રહેલું છે, માટે ધર્મનો સંગ્રહ કરવો.
મૃત્યુ પછીના પુનર્જીવનમાં શ્રદ્ધા અનિવાર્યપણે રાખવી.

## 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોના પ્રતિભાવમાં ક્રમશઃ આવેલ થોડાં પત્રોની અંશોક્તિઃ

Anantaanant Krutagnyata for all the Granths of Hastakshar. After Shree Akshaya Patra Parishilan, it is so endearing and inevitably anand multiplies exponentially with inner bhumika picking from granth swadhyaya is an anubhav of aatmaanand! The creation of the shree granths from the shree diaries is so amazing and the efforts are so indebtful ...its near to unbelievable how this has happened! All of us bow down for this divine work for these blessings. Vande paramopkari Granthprabhu ne.

**- મેઘા શાહ, મુંબઈ**

જીવનને ઉન્નત બનાવવા રસ્તો બતાવનાર સાહિત્ય ગ્રંથો રૂપે પ્રગટ થયું. અમારામાં શ્રદ્ધા રાખી, પ્રેમથી અમને તે સર્વ ગ્રંથો મોકલ્યા, તે માટે જેટલો આભાર માનીએ, એટલો ઓછો છે. આ ગ્રંથશ્રેણીએ અમોને જીવન જીવવાનો સંપૂર્ણ માર્ગ બતાવી દીધો છે. ખાસ કરીને લોકડાઉન જેવા ઉદ્વેગનાં દિવસોમાં શાંતિપ્રદાન કરી. માનવજીવનને સાર્થક બનાવવા વર્ષો પહેલાં લખાયેલ આ સાહિત્ય વર્તમાનકાળમાં પણ ખૂબ જ પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. અમે દિવ્ય પ્રસાદી રૂપે એને નિયમિત વાંચન દ્વારા ગ્રહણ કરીએ છીએ. ઋણસ્વીકાર. **- મેઘના અને પ્રિતેશ, મુંબઈ**

આ ગ્રંથોનો સ્વાધ્યાય એટલે અમૂલ્ય પ્રત્યક્ષ રત્નોનું અજવાળું! એ સ્વાધ્યાય કરવા પૂર્વે પણ આપણે પાત્રતા કેળવવી પડે એવી અનુપ્રેક્ષાઓનો ખજાનો એટલે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'! વૈખરીથી પરાવાણી જવાના માર્ગના પ્રત્યેક મુસાફરને સાથે લઈ જવાનું ભાથું આ પ્રત્યેક ગ્રંથમાં ઠાંસી ઠાંસીને ભર્યું છે. હું તે પામવા સદ્ભાગી બન્યો, તેનો રુંવે રુંવે આનંદ છે. આભાર સહ, **- રજનીકાંત વોરા, મુંબઈ**

અમને પૂજ્ય ગચ્છાધિપતિ શ્રીમદ્વિજય આચાર્ય જયઘોષસૂરિજી મહારાજ કહેતાં કેઃ 'જે ભવિજન સાધુ મહારાજના પુસ્તકો છપાવવાનો લાભ લે છે, તેને તો દેરાસર બંધાવવા

જેટલો લાભ મળે છે!' 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ પુસ્તકો એટલે ૬૮ જિનાલયો બંધાવ્યા સમાન પુણ્યકાર્ય થયું! ધન્યવાદ. **- બ્રિજેશ શાહ, મુંબઈ**

કદાચ ક્યારેય પણ વિચાર્યું ન હતું કે પ્રભુ સ્વયં પધારશે અને તેમના પોતાના શબ્દો - હસ્તાક્ષરથી મારા હૃદયમાં આવશે! એમના એક એક શબ્દ મંત્ર સમાન અને દરેક વાક્ય પ્રવચન સમાન છે! આ ગ્રંથો પૂજ્ય પંન્યાસજી મહારાજનો અક્ષરદેહ જ છે. આવું અમૃતતત્ત્વ અરે... સાક્ષાત્ પ્રભુ મળે, તેને બીજું શું જોઈએ? આંસુની સ્યાહી અને કૃતજ્ઞતાના શબ્દો દ્વારા અનેક અનેક વાર હૃદયથી આભાર. **- શ્વેતાબેન, બેંગ્લોર**

પૂજ્ય પંન્યાસજી મહારાજની કૃપાપ્રસાદી સ્વરૂપ ચિંતનોના માધ્યમથી ભવ્યાત્માને સમ્યગ્ દર્શનની સ્પર્શના થાય, તેવી અદ્દ્ભૂત અનુપ્રેક્ષાઓનો સંચય એટલે જ આ અક્ષયપાત્રો. ઘણાં ઘણાં અભિનંદન. **- વસંતભાઈ દોશી, અમદાવાદ**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' અદ્દ્ભૂત અદ્દ્ભૂત છે! 'ખામેમિ' અને 'શિવમસ્તુ' - એ બે ઉપર વારંવાર ભાર મૂકનાર પૂજ્ય પંન્યાસજી મહારાજે ખરેખર અમૃત પીરસી દીધું છે!
**- સ્મિતા શાહ, મુંબઈ**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' મારા માટે દીવાદાંડી સ્વરૂપ જ છે, અનમોલ ધાન છે! તેઓની મૈત્રીભાવના હૈયે વસી ગઈ છે. 'मयि तद्रुपं सोऽहं' મંત્ર દ્વારા તો આત્માથી પરમાત્મા બનવાની માસ્ટર ચાવી મળી ગઈ છે. આ પુસ્તકો જ હવે જીવન આધાર બની ગયાં છે. હૃદય તો વિશ્વપ્રેમથી માખણીયું બની ગયું છે! **- સ્મિતા(સુમી) વોરા, મુંબઈ**

શ્રી જિનેશ્વર ભગવંતના વચનામૃતોને સર્વ ગણધરોએ સૂત્રબદ્ધ કર્યા અને જેમ પૂર્વ સૂરિઓએ વિસ્તારપૂર્વક તેના રહસ્યો ખોલ્યાં, તેમ વર્તમાન કાળે પૂજ્ય પંન્યાસજી મહારાજે અનુભૂતિના મેરૂથી જ્ઞાનસાગરનું મંથન કરી આપણા જેવાને અલખનું અમૃત - પોતાની મરજીવી સાધનાનાં હસ્તાક્ષરો વડે અક્ષયપાત્રોમાંથી પાન કરાવી અનુભવ રસથી છલોછલ ભરેલ જૂના અત્તર સમી સુગંધિત ૨૨૪ શીશીઓમાંથી અતિ દુર્લભ

અર્ક આપીને તેમણે જગત ઉપર અસીમ ઉપકાર કર્યો છે. આ યોગીપુરૂષના મુજ ચર્મચક્ષુથી તો દર્શન ન થઈ શક્યાં, કિન્તુ તેઓના અક્ષરદેહના દર્શન કરાવી તેને આ ગ્રંથોએ અજર-અમર કરાવી દીધાં! આ ૬૮ 'પુસ્તક' નહીં, સાધકાત્માનું 'મસ્તક' છે, તેમને નતમસ્તકે વંદન. સાધુવાદ. **- ડૉ.હર્ષ દેઢિયા, મુંબઈ**

આ ગ્રંથોમાં પૂજ્ય પંન્યાસજી મહારાજે શ્રી નવકાર મંત્રની જે અનુપ્રેક્ષાઓ લખી છે, તે વારંવાર વાંચવાનું મન થાય તેવી છે. આ પામરને પણ નવકાર મહામંત્રનું આલંબન પ્રાપ્ત થાય, તેવી ભાવના ભાવશો. **- અરવિંદ ગડા, મુંબઈ**

પૂજ્ય પંન્યાસજી મહારાજનું અધ્યયન અને લેખન તો અદ્ભૂત છે જ, પરંતુ પરધર્મ અને પરધર્મીઓના લેખનને આટલા અહોભાવપૂર્વક ભાગ્યે જ કોઈ સાધુભગવંતે તેમના ગ્રંથોમાં ઉતાર્યા છે! જેમ જેમ ગ્રંથોના ક્રમ આગળ વધે, તેમ તેમ એ અભિગમની ઉદારતા વળી વધતી જ રહે છે! વળી તેમના નામોના ઉલ્લેખ પણ સાદર કર્યા છે, તેમાં ય તેમની ઉન્નત ભૂમિકા તાદશ્ય નજરે પડે છે. પોતાના ચિંતન - અનુભૂતિઓનું આ...ટલું વિસ્તૃત અને પ્રેરક લેખન કોઈએ ય કર્યાનું કે પ્રકાશિત થયાનું જોયું નથી. ઉત્તમ સંપાદન માટે પણ ખૂબ ખૂબ ધન્યવાદ! પ્રિન્ટીંગનું ધોરણ પણ ઉચ્ચ કોટીનું એકધારું જળવાયું છે, તેના અભિનંદન પાઠવું છું. ગ્રંથો ગમે તો છે જ, ક્યારેક ખૂબ appealing પણ અનુભવું છું. **- મહેશ શાહ, સુરેન્દ્રનગર**

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ આલેખિત ગ્રંથો 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં તેઓની રોજનીશીઓમાંનું અધ્યાત્મનું અમૃત એમાં રહેલ વિષયોનાં ઊંડાણથી વધુ મીઠું બન્યું છે. પૂજ્ય પંન્યાસજી મહારાજના ગ્રંથો જો આમ પ્રકાશિત ન થયાં હોત, તો અમો તો આવા ઉચ્ચતમ અધ્યાત્મથી કદાપિ પરિચિત ન થયાં હોત! આ કાર્ય ઘણું જ વિકટ છે, તેમાં 'તથ્ય' ઉપરાંત સર્જનની સૂઝ અને કાળજી પણ દેખાઈ આવે છે. અમારા ઉપર અનન્ય ઉપકાર થયો છે આ પ્રકાશનો દ્વારા. Many many thanks કહું - પણ તે પર્યાપ્ત તો નથી જ!

**- મીના રમણીકલાલ શાહ, રાજકોટ**

# સદ્ગુરુ વિના કદિ તિમિર ન નાસે,
# મટે નહીં મન કા વિકારા !

આકાશમાં જો ૯ લાખ તારા ઉગે અને કરોડો સૂર્ય પ્રગટે, તો બહારનું બ્રહ્માંડ જરૂર અંધારવિહોણું થાય, કિન્તુ અંતરનું ગાઢ અંધારું દૂરે કરવા તો આ અક્ષયપાત્રો સમા ગ્રંથોની જ જરૂર પડે! આ ભદ્રંકર નિઃસ્પૃહી ગુરુવરે સૌનું શાશ્વત કલ્યાણ જ ઈચ્છયું અને તેથી જ પોતાની અનુપ્રેક્ષાઓનો નિર્મળ સ્પર્શ આ રીતે આપણા સુધી પહોંચ્યો! એમનો આ કલ્યાણયજ્ઞ આજે મેરુથી પણ ઊંચો લાગે છે! અત્યંત નિષ્કારણ કરૂણા કરનારા તેઓ આજે ભવાટવીમાં ભમનારા એવા આપણા આધાર બન્યાં છે, ત્યારે તારણહાર એવા કિરતારનું કીર્તન હજુ નહીં કરીએ, તો આપણું ભાવિ જોખમમાં છે!

જન્મોજન્મથી થતાં આવતાં મહામૃત્યુમાંથી હવે અ-મૃત સમીપે જવા આ અક્ષયપાત્રો અને તેનાં ૧૮ લઘુભાગો આપણી આંગળી પકડી આપણ બડભાગીને ઉચ્ચ ગતિએ લઈ જવા તત્પર છે, ત્યારે દેહવિયોગ થાય તે પૂર્વે શ્રેયસ્કાર માર્ગે જવા હવે ઢીલ શી? સંસારઝાંખરાં તરફ દોડતાં આપણને દેવ-ગુરુ-ધર્મની પ્રેમપ્રચૂર અહાલેકે થંભાવી તો દીધાં જ છે, હવે યુ-ટર્ન લેવામાં વાર શી? તેમની જ કૃપા એ પણ કરાવશે. પ્રભુ સાથે હેત-પ્રીત કરાવી દે તેવી અને સદ્ગુરુ સંગેની આ ૮ વર્ષની સુદીર્ઘ સહયાત્રાએ આપણાં આત્મા ઉપર વાત્સલ્યનો અગાધ મહાસાગર છલકાવી દીધો છે અને હવે એક જ નિર્ણય થઈ રહ્યો છે કે બસ! **If not now, then when?**

હવે બે જ કામ કરવા છે : કર્મની નિર્જરા અને નૂતન કર્મબંધને તાળાં!
હવે તેઓની કૃપાથી આ સંકલ્પસિદ્ધિ સર્વને હો! સર્વને હો! સર્વને હો! અસ્તુ.

**ભારતી દિપક મહેતાના સાદર વંદન**

॥ शुभम् भवतु ॥ ॥ शुभम् भवतु ॥

ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું સમોવસરણ



દેહનું મંગલ મૃત્યુ - એક મહોત્સવ

જીવન અને મૃત્યુ એક કળા છે. મરણ પછી તો શરીરનું મૃત્યુ જ થઈ જવાનું છે, તેથી જે જીવવાનું મળે, તે કેવળ આત્મા માટે જ હોવું જોઈએ.



'આજે મારી જીંદગીનો છેલ્લો દિવસ છે'

એમ માનીને મનની સ્થિરતા અને સ્વસ્થતા અંગે જ વર્તન કરવું.

મૃત્યુ નિશ્ચિત છે, માટે ધર્મ કરો. તે સમય અનિશ્ચિત છે, માટે વિધાર્જન કરો.

www.fiestadesigns.in